न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી.


માધ્યમિક


# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Printed and Posted on 28th of Each Month

Year : 13 • Issue : 05 • October, 2023 વિક્રમ સંવત ૨૦૭૯ • આસો સુદ


# નૂતન વર્ષાભિનંદન




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ



**સલાહકાર મંડળ**

1. **શ્રી એ. જે. શાહ** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી
2. **શ્રી ડી. પી. વાઘેલા**
   કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર્સ
3. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
   સભ્યશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર

**તંત્રી મંડળ**

1. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને માર્ગદર્શક તંત્રી
2. **શ્રી એન. જી. વ્યાસ**
   સચિવ અને તંત્રી
3. **શ્રી બી. એમ. સોલંકી**
   સંયુક્ત સચિવ અને સહતંત્રી
4. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી



**સૂચનાઓ**

1. વાર્ષિક લવાજમ રૂ. 400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું : સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ.200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ.40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

**લેખકોને સૂચનાઓ**

૧. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર ૧૦-બી, ગાંધીનગર-૩૮૦૧૦ને નામજોગ મોકલવા.

૨. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈએ.

૩. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.

૪. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.

૫. સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.

૬. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ. ૨૦૦/- પુરસ્કાર આપવામાં આવશે.

૭. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.

૮. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી-સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.


## નૂતન વર્ષે પ્રાર્થના

- હે પ્રભુ, પુષ્પોની સુવાસમાં, મોરપીંછના રંગોમાં, વૃક્ષોની ઉદારતામાં, ઝરણાનાં નીરમાં, પક્ષીઓના મીઠા કલરવમાં, પર્વત-ડુંગરોની હરિયાળીમાં, હવામાં, પાણીમાં, પ્રકાશમાં, હું તારું નિત્ય દર્શન કરી શકું અને સૌને કરાવી શકું એવી શક્તિ આપ.
- હે પરમેશ્વર, અમારા વિચારોને એટલા ઉદાર કરો કે અન્યનું દૃષ્ટિબિંદુ અમે સમજી શકીએ; અમારી લાગણીઓને એટલી મુક્ત કરો કે બીજાઓ પ્રત્યે તેને વહાવી શકીએ.
- હે પ્રભુ, અમારા મનને એટલું સંવેદનસભર કરો કે બીજાંઓ ક્યાં ઘવાય છે, તે અમે જોઈ શકીએ; અમારા હૃદયને એટલું ખુલ્લું કરો કે બીજાઓનો પ્રેમ અમે પામી-ઝીલી શકીએ; અમારા ચિત્તને એટલું વિશાળ કરો કે પોતાના અને પારકાના ભેદથી અમે ઉપર ઊઠી શકીએ.
- હે પરમાત્મા, અમારી દૃષ્ટિને એટલી વિશાળ અને ઉજ્જવળ કરો કે જગતમાં રહેલાં તમારાં સૌંદર્યને અને સત્યોને અમે નીરખી શકીએ; અમારી ચેતનાને એટલી સૂક્ષ્મ કરો કે તમારા તરફથી અનેકવિધ રૂપમાં આવતા સંકેતો અમે પારખી શકીએ અને તમારું માર્ગદર્શન પામી શકીએ.

— પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર - 382 010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
બોર્ડની વેબસાઈટનું સરનામું : **www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,

સૌને સાદર નમસ્કાર સાથે દીપાવલી પર્વની તેમજ નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ.

નૂતન વર્ષ એટલે આપણા જીવનમાં અને શિક્ષણના કાર્યક્ષેત્રે આપણી કામગીરી કેવી છે તેનું આત્મચિંતન કરવાનું, નવા સંકલ્પો લઈને તેનું પાલન કરવાનું અને જીવન અને શિક્ષણના વ્યવસાયમાં હંમેશાં પરિવર્તનશીલ અને પ્રગતિશીલ રહેવાનું પુનિત પર્વ. આ મૅગેઝિન તથા શિક્ષણના ક્ષેત્રે સંકળાયેલા સૌને વિક્રમસંવત 2080નું નવું વર્ષ સુખદાયી, લાભદાયી, યશદાયી અને તન-મનથી તંદુરસ્ત બની રહે એવી પ્રભુને પ્રાર્થના કરું છું.

તા. 3 ઑક્ટોબરથી 12 ઑક્ટોબર દરમિયાન રાજ્યની શાળાઓમાં પ્રથમ સત્રાંત પરીક્ષા પૂર્ણ થઈ હશે. તા. 15 ઑક્ટોબરથી 24 ઑક્ટોબર દરમિયાન નવરાત્રિ મહોત્સવની મજા માણી લીધી હશે. હવે પ્રથમ પરીક્ષાનું દિવાળી વૅકેશન પહેલાં પરિણામ મેળવીને વિદ્યાર્થીઓ આગામી દિવાળીની રજાઓમાં સમયનો ઉચિત સદુપયોગ કરે તેમજ આ કિંમતી સમયગાળામાં પ્રથમ સત્રમાં પૂર્ણ થયેલ દરેક વિષયના અભ્યાસક્રમનું સમયસર, બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસરનું આયોજન અને પુનરાવર્તન કરીને દ્વિતીય સત્રમાં આગામી પરીક્ષાઓની સુંદર તૈયારી કરે તેવો ખાસ અનુરોધ છે.

દરેક પર્વની પાછળ કોઈ ને કોઈ ધાર્મિક, પૌરાણિક, સામાજિક અને સાંસ્કૃતિક મહત્ત્વ રહેલું છે. જ્યારે શાળાઓમાં તહેવારોની રજાઓ પડે ત્યારે શાળાની પ્રાર્થનાસભામાં તે તહેવારોના ઉદ્ભવ, મહત્ત્વ કે તાત્પર્ય, વાર્તા કે ઈતિહાસ રજૂ થાય અને સર્વત્ર તેની સાચા અર્થમાં ઉજવણી થાય તે ખૂબ જરૂરી છે. દરેક તહેવાર કેળવણીનું નૈતિક, મૂલ્યલક્ષી અને કિંમતી અંગ છે. આપણે સૌ ઘરમાં અને શાળાના પ્રાંગણમાં સૌના સાથ-સહકાર અને વિશિષ્ટ આયોજનથી દરેક તહેવાર સાચી રીતે અને સારી રીતે ઉજવીએ.

આજે પણ આખું જગત જેમને આદર આપી રહ્યું છે અને સમગ્ર વિશ્વને યુદ્ધ, હત્યા અને હિંસાથી નિવારવા માટે જેમણે પોતાના પ્રાણની આહુતિ આપીને દુનિયાને આઝાદી માટે નવો રાહ ચીંધ્યો તેવી વિશ્વવંદનીય વિભૂતિ મહાત્મા ગાંધીજીની આત્મકથાને વાંચશો કે તેમના જીવન-કવનને જાણશો અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનચરિત્રને, તેમનાં વક્તવ્યો અને પ્રેરક પ્રસંગોનો આસ્વાદ માણશો તો જણાશે કે આ મહાપુરુષોના જીવનમાં સત્ય, અહિંસા, એકતા, નેતૃત્વ, માણસાઈ અને પ્રામાણિકતા જેવાં મૂલ્યોનો કેટલો મોટો મહિમા હતો !

બીજી ઑક્ટોબરે પૂજ્ય ગાંધીજીની 154મી જન્મજયંતી સાદાઈ, શ્રમદાન અને સ્વચ્છતાના કાર્યક્રમો સાથે ઉજવાઈ. 'જય જવાન, જય કિસાન'નું સૂત્ર આપનાર ભારતના માનનીય પૂર્વ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી પૂ. ગાંધીજીના સાચા અનુયાયી, સાદગીને વરેલા અને સ્પષ્ટ વક્તા હતા. શાળાઓમાં બીજી ઑક્ટોબરે તેમની જન્મજયંતી પણ ઉજવી હશે. તા. 31 ઑક્ટોબર, રાષ્ટ્રીય એકતા દિને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરીને આત્મનિર્ભર ભારત માટે સૌ સંકલ્પબદ્ધ થઈએ. મહાપુરુષોએ ચીંધેલા સિદ્ધાંતો અને આદર્શોના માર્ગે ચાલવું, તેમના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતો, સમયપાલન, સ્વદેશી વસ્તુઓનો જ ઉપયોગ, સ્વચ્છતાનું હંમેશાં પાલન જેવા વિચારોને સમજીએ અને તેમનાં કાર્યોને યાદ કરી સાચા અર્થમાં તેમને શ્રદ્ધાંજલિ આપીએ.

શિક્ષણ એ સંપૂર્ણ માનવીય ક્ષમતા હાંસલ કરવા, સમાન અને ન્યાયી સમાજના વિકાસ માટે અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન આપવા માટેની મૂળભૂત જરૂરિયાત છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં દર્શાવેલ ઉદ્દેશોને સાકાર કરવા માટે સમગ્ર અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન આવનાર છે ત્યારે 5 + 3 + 3 + 4 ના શૈક્ષણિક અને અભ્યાસક્રમ સંબંધિત માળખા મુજબ વિશિષ્ટ તાલીમ સાથે શિક્ષક-અધ્યાપકોમાં પૂરી નિષ્ઠા સાથે અધ્યયનશીલતા, પ્રયોગશીલતા અને સંશોધન વૃત્તિ વિકસે તેવા પ્રયત્નો કરવાના રહેશે. શિક્ષણ, પુરુષાર્થ અને સુશાસનનો સમન્વય થાય તો શિક્ષણમાં ગુણવત્તા સુધારણા, બાળકોના સર્વાંગી વિકાસ સાથે ઉત્તમ માનવનિર્માણનું આપણું લક્ષ્ય સફળ થશે અને સૌને તેનાં ધાર્યાં સુંદર પરિણામ પ્રાપ્ત થશે. સૌને નૂતન વર્ષાભિનંદન.

**એ. જે. શાહ**
**અધ્યક્ષ**

**તા. 20-10-2023**

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | રાષ્ટ્રીય શિક્ષણનીતિ : વિકાસની દીવાદાંડી | શૈલેષ રાઠોડ | 4 |
| 2. | ગાંધીમારગ | કમલેશ શુક્લ | 7 |
| 3. | અભ્યાસ કે કારકિર્દી અંગે કેટલીક મહત્ત્વની બાબતો | રમેશ તન્ના | 9 |
| 4. | પ્રાસંગિક વ્યક્તિવિશેષ પરિચય :<br>(1) યુગપુરુષ મહાત્મા ગાંધીજીની જન્મજયંતી<br>(2) અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી<br>(3) લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતી<br>(4) હોમી જહાંગીર ભાભાની જન્મજયંતી | સંકલન | 11 |
| 5. | પ્રાસંગિક દિનવિશેષ પરિચય :<br>(1) 4 ઑક્ટોબર, 'વિશ્વ પ્રાણી દિન' | સંકલન | 16 |
| 6. | વહીવટી વિભાગ : પરિપત્ર અને ઠરાવ | સંકલન | 17 |
| 7. | ધોરણ 10 અને ધોરણ 12 : માર્ચ, 2024ની બોર્ડની જાહેર પરીક્ષાનો કાર્યક્રમ | સંકલન | 26 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્યમિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને વંદન. છેલ્લાં 46 વર્ષની ઉજ્જવળ પ્રણાલી અને પરંપરા મુજબ, **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'**નો ઑક્ટોબર 2023નો દિવાળી વૅકેશન પૂર્વેનો આ અંક આપ સૌ સારસ્વત વાચકમિત્રો સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવું છું.

દીપોત્સવી પર્વોત્સવ એટલે જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશના ઓજસ, ઉજાસ અને ઐશ્વર્યનો ત્રિવેણી સંગમ ! નવી આશાઓ, અપેક્ષાઓ અને નીતનવા સંકલ્પો સાથે શક્તિના સ્વીકારનું આ પવિત્ર પર્વ છે. ચાલો, નવા વર્ષથી આપણે સૌના સુખ, શાંતિ અને આનંદનો વિચાર કરીએ, સૌને મદદરૂપ થઈને ત્યાગ અને સમર્પણની સુવાસથી જીવનરૂપી બાગને મહેંકાવીએ. શિક્ષણના પવિત્ર સેવાયજ્ઞમાં સુંદર વિચારો, ભાવનાઓ અને સત્કર્મોથી ભળી જઈ, હળીમળીને રહીએ. આપણા પારસ્પરિક સંબંધોને વધુ મજબૂત, તાજાં અને ઉષ્માસભર બનાવી મનદુઃખને ભૂલી જઈએ એવા શુભ સંદેશ સાથે વિક્રમસંવત 2080ના નવા વર્ષની શુભેચ્છાઓ સાથે સૌને સાલ મુબારક ! નૂતન વર્ષાભિનંદન !

દેશના કોઈ પણ ક્ષેત્રના સાતત્યપૂર્ણ વિકાસના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે શિક્ષણ એ શક્તિશાળી માધ્યમ છે. વ્યક્તિનિર્માણથી લઈને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં શિક્ષણની ભૂમિકા ચાવીરૂપ ગણાઈ છે. શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું એ ખૂબ અગત્યની બાબત છે. શિક્ષણની જવાબદારી જેમના શિરે છે તે શિક્ષક-અધ્યાપકો રાષ્ટ્રના ખરા ઘડવૈયા અને આધારસ્તંભ છે. શાળામાં વિદ્યાર્થીઓને પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન, ભારતની પરંપરાઓ, સાંસ્કૃતિક મૂલ્યો, કલાઓ સાથે જોડી રાખીને અભ્યાસ અને કારકિર્દીનાં સ્વપ્નો સાકાર કરવાની તકો પૂરી પાડવાનું કર્તવ્ય શિક્ષકોનું છે. બાળકો સતત, આજીવન, સ્વયં શીખતા રહેવાની કળા હસ્તગત કરે, તેમનામાં આનંદપૂર્ણ જીવન જીવવાનાં કૌશલ્યો વિકસે, તેમનામાં નૈતિક મૂલ્યો, જ્ઞાન, કલ્પનાશક્તિ, સંશોધનવૃત્તિ, હકારાત્મક ચિંતન, જીવન જીવવાની કળા અને સામાજિક જવાબદારીઓનો વિકાસ થાય તેવા પ્રકારનું વાતાવરણ નિર્માણ કરવાની જવાબદારી દૃષ્ટિવાન અને નિષ્ઠાવાન શિક્ષક ભાઈ-બહેનોની રહેલી છે અને રાષ્ટ્રીય શિક્ષણનીતિના મુસદ્દામાં આ બાબતો સ્પષ્ટ રીતે સમજાવેલી છે.

શાળાઓમાં ઑક્ટોબર માસમાં યુગપુરુષ, વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીજી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી ઉજવાઈ હશે. તે સાથે લાલબહાદુર શાસ્ત્રી, ડૉ. હોમી ભાભા, શ્યામજી કૃષ્ણ વર્મા, સ્વામી રામતીર્થની જન્મજયંતીએ તેમનાં જીવનકાર્યોને યાદ કરી, તેમનાં આદર્શો, સિદ્ધાંતો અને સંદેશને જીવનમાં ઉતારીને સત્કર્મો કરતાં રહીએ એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

આપની શાળા દ્વારા આગામી માર્ચ-2024ની ધોરણ-10 અને ધોરણ-12ની જાહેર પરીક્ષાનાં આવેદનપત્રો ઑનલાઈનથી, બૉર્ડની સૂચના મળે ત્યારે નિયત સમયમર્યાદામાં ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરાય તે અંગે કાળજી રાખશો. પ્રથમ સત્રાંત પરીક્ષાનું પરિણામ સૌને સમયસર મળી રહે એવું આયોજન કરજો. તેજસ્વી વિદ્યાર્થીઓની મહેનતની કદર કરી તેમનું સન્માન કરશો તથા ધોરણ-10 અને ધોરણ-12ની આગામી જાહેર પરીક્ષા માટે નબળાં તથા મધ્યમ તમામ વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડજો. વૅકેશનમાં વિદ્યાર્થીઓ ચાલી ગયેલા અભ્યાસક્રમનું પુનરાવર્તન કરે તથા વિષયવાર પ્રશ્નપત્રોનો વધુ મહાવરો કરે તે જોવા વાલીગણ સાથે શાળાપરિવારને પણ વિનંતી છે.

આગામી નવું વર્ષ સર્વે ગ્રાહક-વાચક મિત્રો, શિક્ષણક્ષેત્રે સંકળાયેલા તમામને તથા આ સામયિકના લેખકમિત્રોને યશસ્વી, લાભદાયી, ફળદાયી અને તંદુરસ્તીભર્યું બની રહે એવી સૌને શુભેચ્છા પાઠવું છું. જય જય ગરવી ગુજરાત. જય હિંદ.

**એન. જી. વ્યાસ**
**સચિવ/તંત્રી**

**તા. 20-10-2023**

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ : વિકાસની દીવાદાંડી

• શૈલેષ રાઠોડ •

શિક્ષણવ્યવસ્થા બોજારૂપ નહિ પણ હળવીફૂલ, રસાળ અને સરળ હોય તો શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતાનો સંબંધ બંધાય. હાલમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલ પછી સમાજમાં નવી આશાઓ જન્મી છે. આ શિક્ષણનીતિને જોતાં સ્પષ્ટ વર્તાય છે કે આવનાર દિવસોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને જીવનપથનો સાચો નવો માર્ગ મળશે. આ નીતિ સાચા અર્થમાં વિકાસની દીવાદાંડી સમાન છે.

વિદ્યાર્થીઓ ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરે, અન્ય શૈક્ષણિક ઉપકરણોનો મહત્તમ ઉપયોગ વધે, ટૅક્નિકલ શિક્ષણ આપવાની સાથે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે તે માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP-2020) મહત્ત્વની છે. ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની રૂચિ મુજબના વિષયોનો અભ્યાસ કરી શકે તેની પણ છૂટ આપવામાં આવી છે. ભવિષ્યમાં જે ક્ષેત્રમાં તક રહેલી છે તેવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વગેરે જેવી બાબતોનાં કૌશલ્યો વિદ્યાર્થીઓ શીખી શકે તેને આ શિક્ષણનીતિ હેઠળ વણી લેવામાં આવ્યાં છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ એ ભારતની શિક્ષણ પ્રણાલીમાં એક મોટો ફેરફાર છે. તે અગાઉની શિક્ષણનીતિને બદલે છે, જે 34 વર્ષથી અમલમાં હતી. NEPને ભારત સરકાર દ્વારા 29 જુલાઈ 2020ના રોજ મંજૂર કરવામાં આવી હતી અને તેનો હેતુ દેશમાં શિક્ષણનો સંપર્ક કરવાની રીતમાં ક્રાંતિ લાવવાનો છે. NEP-2020 5+3+3+4 માળખું અનુસરે છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)એ ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER)ને 2035 સુધીમાં 26.3% થી વધારીને 50% કરવાનું અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આશરે 3.5 મિલિયન નવી બેઠકો ઉમેરવાનું લક્ષ્ય રાખ્યું છે.

**સ્પષ્ટ દૃષ્ટિકોણ : ડિગ્રી નહિ સ્કીલ**

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં કૌશલ્યવર્ધન પર ભાર આપવામાં આવ્યો છે. ડિગ્રીને મહત્ત્વ નહીં પરંતુ સ્કિલ એટલે કે આવડત પર ભાર મૂકવામાં આવ્યો છે. જેથી બેરોજગારીની સમસ્યા પણ હલ થશે. ઉપરાંત વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં પણ શિક્ષણ મેળવી શકશે. નેશનલ ઍજ્યુકેશન પોલિસી (NEP)નો સ્પષ્ટ દૃષ્ટિકોણ અથવા તો વિઝન ભારત-કેન્દ્રિત શિક્ષણપ્રણાલીનું નિર્માણ કરવાનું છે, જે ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ દ્વારા સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સીધો ફાળો આપે છે.

**ધ્યેય :**

નેશનલ ઍજ્યુકેશન પોલિસીનું ધ્યેય ભારતમાં એક મજબૂત શિક્ષણપ્રણાલી અને સંશોધન સુવિધા ઊભી કરવાનું છે જે વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે વિદેશ જવાની જરૂરિયાતને દૂર કરીને વૈશ્વિક શિક્ષણ પ્રદાન કરી શકે. NEP-2020નો ઉદ્દેશ્ય તેના સુધારાઓ દ્વારા એક સમાન અને ગતિશીલ જ્ઞાન સમાજનું નિર્માણ કરવાનો છે.

**બાળક સર્વોપરી :**

શાળાઓએ પણ સુનિશ્ચિત કરવું પડશે કે મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા સારી છે કે નહીં. જેથી બાળકને લંચબોક્સ લાવવાની જરૂર ન પડે અને શાળાઓમાં પાણીની સુવિધા યોગ્ય રીતે ઉપલબ્ધ હોવી જોઈએ જેથી બાળકને પાણીની બૉટલ પણ લાવવી ન પડે.

સુવિધાઓને કારણે સ્કૂલ બેગની સાઈઝ ઓછી થશે. નેશનલ ઍજ્યુકેશન પોલિસી હેઠળ બાળકોના હોમવર્કનું પણ ધ્યાન રાખવામાં આવશે. જે અંતર્ગત બીજા ધોરણ સુધી બાળકોને કોઈ હોમવર્ક આપવામાં આવશે નહીં. કારણ કે પહેલા અને બીજા ધોરણના વિદ્યાર્થીઓ ખૂબ જ નાના હોય છે અને તેમને બેસવાની આદત પણ હોતી નથી.

ધોરણ III, IV અને Vનાં બાળકોને દર અઠવાડિયે માત્ર 2 કલાક હોમવર્ક આપવામાં આવશે, ધોરણ 6 થી 8નાં બાળકોને દરરોજ 1 કલાક હોમવર્ક આપવામાં આવશે અને ધોરણ 9 થી 12નાં બાળકોને દરરોજ 2 કલાક હોમવર્ક આપવામાં આવશે.

**ગોખણપટ્ટીમાંથી મુક્તિ અને સર્જનાત્મક વૃત્તિ :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી

બુધ્ધિઃ કર્માનુસારિણી । (બુધ્ધિ કર્મને અનુસરે છે.) (જેવાં કર્મ તેવી બુધ્ધિ)

મુક્તિ અપાવી વિદ્યાર્થીઓ સર્જનાત્મક મનથી અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં આ નીતિના હકારાત્મક પરિણામો મળી રહ્યાં છે. વર્ષ-2030 સુધીમાં ધો. 1 થી 10માં 100 ટકા નામાંકન થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં જે 10+2+3 મુજબ શૈક્ષણિક માળખાનું વર્ગીકરણ છે તેને હવે 5+3+3+4 મુજબ અમલી બનાવવામાં આવ્યું છે.

**વિષયમુક્તતા :**

વૉકેશનલ ટેસ્ટીંગ ઈન્ટર્નશીપ ધોરણ 6 થી શરૂ કરવામાં આવશે. પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં આપવામાં આવશે. પહેલાં સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ સ્ટ્રીમ હતી પરંતુ હવે એવું નહીં હોય. વિદ્યાર્થીઓ તેમની ઈચ્છા મુજબ કોઈ પણ વિષય સ્ટ્રીમ પસંદ કરી શકશે. વિદ્યાર્થીઓ ભૌતિક વિજ્ઞાન કે આર્ટ્સના કોઈ પણ વિષય સાથે ઍકાઉન્ટનો અભ્યાસ કરી શકશે.

વિદ્યાર્થીઓને ધોરણ 6થી કોડિંગ શીખવવામાં આવશે. તમામ શાળાઓને ડિજિટલ ઇક્વિટી બનાવવામાં આવશે. આ તમામ સંપર્કોનો પ્રાદેશિક ભાષામાં અનુવાદ કરવામાં આવશે. વર્ચ્યુઅલ લૅબ વિકસાવવામાં આવશે.

**માળખું અને તબક્કા :**

**5+3+3+4 માળખું 2023**ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)માં રજૂ કરવામાં આવેલ એક મોટો ફેરફાર છે. તે પરંપરાગત 10+2+3 માળખાને બદલે છે, જે લાંબા સમયથી અમલમાં છે. 5+3+3+4 માળખું વિદ્યાર્થીના શાળાકીય શિક્ષણને ચાર ભાગોમાં વિભાજિત કરે છે: આ તબક્કાઓ વિદ્યાર્થીના શિક્ષણમાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બનવા માટે રચાયેલા છે. આ તબક્કાઓનું વિભાજન આ મુજબ છે.

**ફાઉન્ડેશન સ્ટેજ** એ શાળાકીય શિક્ષણનો પ્રથમ તબક્કો છે અને તે પાંચ વર્ષના સમયગાળામાં વિદ્યાર્થીઓના પ્રારંભિક વિકાસને આવરી લે છે. આમાં ત્રણ વર્ષનું પૂર્વ પ્રાથમિક શિક્ષણ તેમજ પ્રથમ અને દ્વિતીય ધોરણનો સમાવેશ થાય છે.

**પ્રિપેરેટરી સ્ટેજ** એ શાળાકીય બીજો તબક્કો છે અને ત્રણ વર્ષ સુધી ચાલે છે. તે ધો. 3 થી 5ને આવરી લે છે અને તેનો અર્થ મધ્યમ અને ગૌણ તબક્કા માટે પાયો નાખવાનો છે.

**મધ્યમ તબક્કો** એ શાળાકીય શિક્ષણનો બીજો તબક્કો છે અને તે ધો. 6 થી 8ને આવરી લે છે. તે વિદ્યાર્થીઓને તેમના શાળાજીવનના અંતિમ તબક્કા, માધ્યમિક તબક્કા માટે તૈયાર કરે છે.

**માધ્યમિક તબક્કો** એ શાળાકીય શિક્ષણનો અંતિમ તબક્કો છે અને તે ચાર વર્ષ સુધી ચાલે છે, જેમાં ધોરણ 9 થી 12ને આવરી લેવામાં આવે છે. તેનો હેતુ વિદ્યાર્થીનું માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરવાનો છે.

**5+3+3+4 માળખું** શિક્ષણ માટે વધુ સાફલ્યવાદી અને લવચીક અભિગમ પ્રદાન કરવા માટે છે, જેનાથી વિદ્યાર્થીઓ વિવિધ વિષયોનું અન્વેષણ કરી શકે અને વિવિધ કૌશલ્યો વિકસાવી શકે. તે 10+2+3 માળખાથી અલગ છે, જે વિશેષ વિષયો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે અને વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે તૈયાર કરે છે.

**NEPમાં મુખ્ય સુધારા**

NEPમાંના કેટલાક મુખ્ય સુધારાઓમાં કળા, વિજ્ઞાન અને અન્ય વિષયો વચ્ચેના તફાવતને દૂર કરવા, પાયાની સાક્ષરતા અને અંકશાસ્ત્ર પર ધ્યાન વધારવું, વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ બે વાર આપવાની મંજૂરી આપવી, શિક્ષણ પર સરકારી ખર્ચમાં વધારો, જાતિ સમાવિષ્ટ ભંડોળની સ્થાપનાનો સમાવેશ થાય છે. હોશિયાર વિદ્યાર્થીઓ માટે વધારાની સહાય પૂરી પાડવી, ચાર વર્ષ લાંબા અંડરગ્રૅજ્યુએટ અભ્યાસક્રમો બનાવવા અને ઉચ્ચ શિક્ષણ માટે સામાન્ય પ્રવેશ પરીક્ષાની રજૂઆત વગેરે મુખ્ય સુધારા છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP-2020) ભારતમાં શિક્ષણપ્રણાલીમાં ઘણા મોટા સુધારાઓ રજૂ કરે છે.**

- કળા, વિજ્ઞાન, શૈક્ષણિક, વ્યાવસાયિક, અભ્યાસક્રમ અને અભ્યાસેતર વિષયો વચ્ચેનો ભેદ દૂર કરવો.
- પાયાની સાક્ષરતા અને સંખ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- 10+2 સ્ટ્રક્ચરને 5+3+3+4 મૉડલ સાથે બદલીને.
- વિદ્યાર્થીઓને બે વખત બોર્ડની પરીક્ષા આપવાની છૂટ.
- શિક્ષણ પર સરકારનો ખર્ચ GDPના 1.7% થી 6% સુધી વધારવો.
- હોશિયાર વિદ્યાર્થીઓ માટે વધારાની સહાય પૂરી પાડવી.
- ચાર વર્ષ લાંબા અંડરગ્રૅજ્યુએટ અભ્યાસક્રમો

अनारम्भात् तु कार्याणि नाथरः संपद्यते कश्चित् ।
(કાર્યોનો આરંભ ઉચિત અને યોગ્ય રીતે ન થાય તો તેનો હેતુ માર્યો જાય છે.)

બનાવવા.

- શિક્ષણની જગ્યાઓ માટે ચાર વર્ષના સંકલિત B.Ed. કોર્સની ન્યૂનતમ લાયકાત જરૂરી છે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે સામાન્ય પ્રવેશ પરીક્ષાની રજૂઆત.
- શિક્ષણપ્રણાલીમાંથી માસ્ટર ઑફ ફિલોસોફીનો કોર્સ દૂર કરવો.
- વિદ્યાર્થીઓને માધ્યમિક શાળામાં કલા, હસ્તકલા, વ્યાવસાયિક કૌશલ્ય અને શારીરિક શિક્ષણ જેવા વિષયો પસંદ કરવાની મંજૂરી આપવી.
- અભ્યાસક્રમ અને બોર્ડની પરીક્ષાઓ માટેનાં ધોરણો નક્કી કરવા માટે બોડી PARAKH (પર્ફોર્મન્સ એસેસમેન્ટ, રિવ્યૂ ઍન્ડ એનાલિસિસ ઑફ નૉલેજ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ)ની સ્થાપના કરવી.
- શાળાના અભ્યાસક્રમમાં ભારત અને અન્ય શાસ્ત્રીય ભાષાઓના સાહિત્યનો સમાવેશ.
- દરેક શૈક્ષણિક વર્ષને બદલે માત્ર બીજા, પાંચમા અને આઠમા ધોરણમાં જ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓ યોજવી.

**ન્યૂ ઍજ્યુકેશન પૉલિસીના લાભો :**

- રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલ માટે જીડીપીના 6% ખર્ચ કરવામાં આવશે.
- સંસ્કૃત અને ભારતની અન્ય પ્રાચીન ભાષાઓનો અભ્યાસ કરવાનો વિકલ્પ પણ હશે. વિદ્યાર્થીઓ ઇચ્છે તો અન્ય ભાષાઓનો અભ્યાસ કરી શકે છે.
- બોર્ડની પરીક્ષાઓમાં પણ ફેરફાર કરવામાં આવશે, એવું બની શકે છે કે વિદ્યાર્થીઓ પર બોજ ઘટાડવા માટે બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવે.
- અભ્યાસને સરળ બનાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે.
- ઉચ્ચ શિક્ષણમાંથી એમ.ફીલ.ની ડિગ્રી નાબૂદ કરવામાં આવી રહી છે.
- વિદ્યાર્થીઓને વિદેશી ભાષા શીખવવામાં આવશે જેનો નિર્ણય રાજ્યો પોતાના સ્તરે કરશે.
- નેશનલ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશનલ રિચર્સ ઍન્ડ ટ્રેનિંગ દ્વારા શાળાશિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે.
- નેશનલ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ દ્વારા શાળાશિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક તૈયાર કરાવમાં આવશે.
- આ શિક્ષણનીતિનો અમલ કરવા માટે ઘણી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે જેથી કરીને નીતિ સરળતાથી ચાલી શકે.
- નેશનલ ઍજ્યુકેશન પૉલિસી હેઠળ બાળકોના અભ્યાસની સાથે સાથે તેમની આવડત પર પણ ખાસ ધ્યાન આપવામાં આવશે.
- આ નેશનલ ઍજ્યુકેશન પૉલિસી હેઠળ બાળકોના શિક્ષણની સાથે સાથે તેમનાં જીવનકૌશલ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
- નવી શિક્ષણનીતિ હેઠળ, જો કોઈ વિદ્યાર્થી અધવચ્ચે અભ્યાસક્રમ છોડીને બીજા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા માંગતો હોય, તો તે ચોક્કસ સમયગાળા માટે પ્રથમ અભ્યાસક્રમમાંથી વિરામ લઈ બીજા અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે. અસ્તુ.

**સંપર્ક : બી-15, સેફ્રોન વિલા, મિશન રોડ, નડિયાદ, પીનકોડ-387002**

## નરકેસરી

**(સરદાર વલ્લભભાઈ પટેલને)**

દૈવી ભારતના નરસિંહ હતા સરદાર,
સંતાન મા-ગુર્જરીના ખડતલ સરદાર.

સ્વાતંત્ર્ય-સંગ્રામના એ યોધ્ધા હતા સરદાર,
ગાંધીસૈન્યના સેનાપતિ અટલ હતા સરદાર.

તાકનારા લક્ષ્યવેધી અર્જુન હતા સરદાર,
આપત્તિમાં હિમાદ્રિ શા અચલ હતા સરદાર.

જાગતા જ્વાળામુખી શા લાગતા સરદાર,
પણ હૈયે સદા ફૂલ શા કોમળ હતા સરદાર.

ભારતે વિરાટ થઈ વિસ્તર્યા'તા સરદાર,
ગુર્જરી ગિરા મહીં જલધોધ શા વ્હેતા'તા સરદાર.

શેતાનના શત્રુ ને રંકના બેલી હતા સરદાર,
કોટિ કોટિ હિંદી-હૈયે ઝૂલતા હતા સરદાર.

**તા. 19-9-86** **– ઇન્દુકુમાર ત્રિવેદી**
**અમદાવાદ**

अनिष्टं सर्वभूतानां मरणं नाम् भारत । (હે ભારત ! સર્વ પ્રાણીઓ માટે અનિવાર્ય અનિષ્ટ તે મૃત્યુ છે.)

# ગાંધીમારગ

● કમલેશ શુકલ ●

આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે સ્વાતંત્ર્યવીરોનું સ્મરણ અંતઃકરણપૂર્વક થાય એ સ્વાભાવિક છે. ગાંધીજી આઝાદીની લડતના શિરમોર હતા ! ગાંધીજી એ કોઈ વ્યક્તિ નહીં પણ વિચારધારા છે. ગાંધી વિચારધારા એ અભિવ્યક્તિનો નહીં પરંતુ અનુભૂતિનો વિષય છે.

ગાંધીજીનું ઋણ અદા કરવા, ગાંધી વિચારધારાને જીવંત રાખવા આપણે ગાંધીજીના નામે ભવનો, સર્કલો, નગરો, રસ્તાઓ, પુલો, પ્રતિમાઓ, મંદિરો, પુસ્તકાલયો વગેરે બનાવ્યાં. ગાંધીસાધના, ગાંધીમૂર્તિ કે ગાંધીનામ અગત્યનાં તો છે જ પરંતુ એથી પણ અગત્યની 'ગાંધીસાધના' છે, જે આજના યુગની તાતી જરૂરિયાત છે.

ગાંધીમારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ,
ગાંધીમારગ પર જો ચાલીએ, સ્વપ્નો સાકાર થાય.

પૂજ્ય બાપુ કહે છ(156) — "જિંદગીની હાજતો નિત્ય વધારતો માણસ આચાર-વિચારમાં પાછો પડતો જોવા મળે છે. ભૌતિક સમૃદ્ધિ પાછળ જ દોટ મૂકવાનું ધ્યેય રાખીને આપણે અધોગતિ કરીએ છીએ. આપણે એવા લોકોના સત્સંગની ઈચ્છા કરવી જોઈએ જેમણે કષ્ટ ભોગવ્યું હોય, બીજાઓની સેવા કરી હોય અને તેમ કરતાં પ્રાણ આપ્યા હોય."

ગાંધી વિચારધારા એ માનવાની નહીં પરંતુ માણવાની વાત છે. આજે વિશ્વમાં જ્યારે અશાંતિ ફેલાયેલી છે. રશિયા અને યુક્રેન વચ્ચે અને બીજાં દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. દુનિયાના મોટાભાગના દેશો વિનાશક શસ્ત્રો બનાવવાની, ખરીદવાની હરીફાઈમાં હોય ત્યારે ગાંધી વિચારધારા જ વિશ્વને શાંતિનો સંદેશો આપે છે. આજે યુદ્ધની નહીં પણ બુદ્ધની જરૂર છે.

ગાંધી વિચારધારાને આપણે લઈએ જાણી,
તેથી જ આપણું જીવન બને ઉજાણી,
ગાંધી વિચારધારાને આપણે હરપળ રહીએ માણી,
એમાં જ રાષ્ટ્રની સુખ અને શાંતિ સમાણી.

એક કવિએ કહ્યું છે —

દે દી હમેં આઝાદી બિના ખડગ, બિના ઢાલ,
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ.

સાબરમતી આશ્રમમાં જઈ જે શાંતિની અનુભૂતિ થાય તે ભવ્યાતિભવ્ય આશ્રમોમાં પણ ના થાય ! ભવ્યતાની અંદર દિવ્યતા ભળે તો સોનામાં સુગંધ ભળે !

ગાંધીમારગ એટલે અધ્યાત્મનો મારગ... પ્રેમ, શાંતિ, કરુણા અને અહિંસાનો મારગ... સ્વચ્છતા, પવિત્રતા, દિવ્યતાનો મારગ... ધ્યાન, મૌન અને સમાધિનો મારગ !

માનવતાની મૂરત છે ગાંધી,
સાદગીની સૂરત છે ગાંધી,
મહાત્માનું મંદિર છે ગાંધી,
યોગી અને ઉપયોગી છે ગાંધી.

સ્વચ્છતાની ટેવને ગાંધીજીએ પોતાના જીવનમાં વણી લીધી હતી. આશ્રમમાં ગાંધીજી પોતાના ટોઈલેટની સફાઈ જાતે જ કરતા. એકવાર રેલવેના ડબ્બામાં એક મુસાફરને ગળફું ફેંકતા રોકીને એ ગળફું હાથમાં લઈને સ્વચ્છતાનો સુંદર સંદેશો આપ્યો હતો. સ્વચ્છતા કેવળ અભિયાન ન બની રહે પરંતુ પ્રત્યેક જનમાનસના જીવનમાં અને વ્યવહારમાં વણાઈ જાય તે જરૂરી છે. સ્વચ્છતા કેવળ ફોટોસેશન ના બને પણ મિશન બને તે જરૂરી છે. સ્વચ્છતાનું દર્શન હોય, સ્વચ્છતાનું પ્રદર્શન ન હોય. બાહ્ય સ્વચ્છતાની સાથે સાથે આંતરિક સ્વચ્છતા-વિચારોનું સૌંદર્ય પણ જરૂરી છે.

સંસ્કૃતિનું સંવર્ધન કરે ગાંધી,
વિકૃતિનું વિસર્જન કરે ગાંધી.

ગાંધીજીએ આપેલા અગિયાર વ્રતો - સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું ન સંઘરવું, બ્રહ્મચર્ય, જાતે મહેનત, કોઈ અડે ન અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ, સર્વધર્મ સરખા ગણવા - આજે પણ એટલાં જ પ્રાસંગિક છે. સદાવ્રતો ખોલવાથી, ધાર્મિક વ્રતો રાખવાથી શાંતિ અને આનંદ જરૂર મળે પરંતુ આ અગિયાર વ્રતોમાંથી એક પણ વ્રતનું સદા પાલન કરવાથી પરમાનંદ કે ચિદાનંદની અનુભૂતિ થાય !

ગતિ માટે ચરણ જરૂરી,
પ્રગતિ માટે આચરણ જરૂરી.

जानाति हि पुरः सम्यक् कविरेव कर्वेः श्रमम् ।
(કવિને કાવ્ય કરતાં પહેલાં કેટલો શ્રમ પડે છે તે તો કવિ જ જાણે.)

ગાંધીજીના મત મુજબ સાત સામાજિક પાપથી બચવું જરૂરી છે — સિદ્ધાંતવિહીન રાજકારણ, પરિશ્રમ વિહીન ધનોપાર્જન, વિવેકવિહીન સુખ, ચારિત્ર્યવિહીન શિક્ષણ, સંવેદનાવિહીન વિજ્ઞાન, વૈરાગ્યવિહીન ઉપાસના અને સદાચારવિહીન વેપાર.

વિશ્વના મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન ગાંધીજીથી ખૂબ જ પ્રભાવિત હતા. ગાંધીજીને મળવાની, ગાંધીજીને સાંભળવાની એમની આત્યંતિક ઈચ્છા હતી. યોગાનુયોગ વિદેશની ધરતી પર એક મંચ પર બંને ભેગા થઈ ગયા. ગાંધીજીનું વક્તવ્ય એમણે સાંભળ્યું. કાર્યક્રમ પત્યા બાદ આઈન્સ્ટાઈન ગાંધીજીને મળ્યા અને સહજતાથી પૂછ્યું, ગાંધી, આટલું સુંદર તમે કેવી રીતે બોલી શકો છો ?''

બાપુએ સુંદર જવાબ આપ્યો, ''હું ક્યાં બોલતો હતો, હું તો તમારી બાજુમાં જ બેઠો હતો ! જે બોલતો હતો તે તો મારો દ્વારિકાધીશ, જગદીશ 'મોહન' બોલતો હતો ! ગાંધીજીનો આ 'સાક્ષીભાવ' ખૂબ જ પ્રેરણાદાયી છે.

જાણીતા લેખક, ચિંતક ડૉ. ગુણવંત શાહ લખે છે કે ''જ્યાં પણ શોષણ સામે, હિંસા સામે, ભ્રષ્ટાચાર સામે કે દમન સામે શાંત છતાં મક્કમ, નાનકડો છતાં નિર્ભય અને અહિંસક છતાં બળવાન અવાજ ઊઠે ત્યાં સૂક્ષ્મપણે ગાંધીજી હાજર હોવાના. એમનું સ્મિત નિર્મળ હતું, નિર્બળ ન હતું. સાદાઈનો વૈભવ કેવો હોય તે એમણે બતાવી આપ્યું. ફકીરીની રોશની કેવી હોય એ એમણે પોતાની સત્યસાધના દ્વારા બતાવી આપ્યું.

ગાંધીવિચારયજ્ઞની પ્રસાદી એવી પાવન અને મનભાવન છે કે જે વ્યક્તિના જીવનને ઉપવન બનાવે છે ! આ મહાત્માને વાચન, વિચાર અને વિવેક દ્વારા ફરી ફરીને જો નીરખતા રહીએ તો જ તેમના વિરાટ વ્યક્તિત્વનો પરિચય થાય ! ગાંધીદર્શન - ગાંધીવિચારધારા એ જીવનનું અમૃત છે. ગાંધીજીના વિચારોમાં નિષ્ઠા રાખવાથી જ આપણી પ્રતિષ્ઠા વધે છે. સત્ય અને અહિંસા જેવા બે અમોઘ શસ્ત્રો આપીને ગાંધીજીએ જગતને કલ્યાણનો માર્ગ બતાવ્યો છે !

પૂજ્ય બાપુ કહેતા - ''ભારતમાં જન્મ આપીને ઈશ્વરે મારું ભાગ્ય ભારતના લોકો સાથે જોડ્યું છે. એટલે જો હું એમની સેવા કરવામાં નિષ્ફળ જાઉં તો હું ઈશ્વરને બેવફા નીવડ્યો ગણાઉં.''

આપણે સત્યવાદી કે અહિંસાવાદી બનીએ એ આદર્શ પરિસ્થિતિ છે. પરંતુ આપણે સત્યપ્રેમી, અહિંસાપ્રેમી અને સ્વચ્છતાપ્રેમી તો હોવાં જ જોઈએ. ગાંધીગીરી કે ગાંધીપણું એ માનવતાનું બીજું નામ છે. એ પણ સમજવું જરૂરી છે કે શક્તિ કે સામર્થ્ય વિનાની અહિંસા એ કાયરતા છે. શક્તિ કે સામર્થ્યવાળી અહિંસા જ વીરતા છે. ગાંધીજીની વિચારધારાનું અમૃતપાન કરીને જ રાષ્ટ્રને સમૃદ્ધ અને વિશ્વગુરુ બનાવી શકીએ છીએ.

મૂલ્યોનો મહેરામણ છે ગાંધી,
ખુશીઓની ખાણ છે ગાંધી,
આબાદીની ઓળખાણ છે ગાંધી,
'સત્યના પ્રયોગો' 'દિવ્ય લખાણ' છે ગાંધી.

ગાંધી વિચારણાથી જ સમાજસુધારણા થાય. ગાંધીજીએ જે કહ્યું એ એમના જીવનમાં આચરણ કરી બતાવ્યું. કેવળ વક્તવ્યથી જ નહીં પરંતુ કર્તવ્યથી જ જીવનમાં શુદ્ધિ અને સમૃદ્ધિ આવે છે.

ગાંધીવિચારધારા જો આપણો શિરસ્તો બની જાય, તો સુખ, શાંતિ અને સમૃદ્ધિ પામવાનો રસ્તો બની જાય !

આચાર્ય રજનીશજી લખે છે -

''ગાંધી જૈસા વ્યક્તિત્વ પૈદા કરને કે લિયે પૃથ્વી યુગો તક પ્રતીક્ષા કરતી હૈ.''

આપણે ઈતિહાસ એટલા માટે શીખવાનો હોય છે કે નામોશી કે નાલેશીભર્યા ઈતિહાસનું પુનરાવર્તન થાય નહીં. તેમજ આપણા બહાદુરીભર્યા, વીરતાપૂર્ણ ઈતિહાસનું પુનરાગમન થાય. ફરીથી શિવાજી, મહારાણા પ્રતાપ અને ગાંધીજી તેમજ સરદાર જેવા વીરો પાકે અને દેશ અને દુનિયાને પ્રગતિના પંથે લઈ જાય.

ગાંધી તમારી વિરલ છે મૂરત,
કરીએ તમારું સ્મરણ અવિરત,
રહીએ તમારા વિચારોમાં રત,
કરીએ પાલન તમારાં અગિયાર વરત (વ્રત).

ગાંધીજયંતી એટલે વિચારજયંતી, આચારજયંતી, સંસ્કારજયંતી, સત્યજયંતી, અહિંસાજયંતી, સ્વચ્છતાજયંતી અને સંસ્કૃતિજયંતી !

કરીએ બાપુ અમે તમને પ્રણામ,
તમારું પાવન ને કલ્યાણકારી નામ.

સંપર્ક : એ.પી. ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ,
તા. ઈડર, જિ. સાબરકાંઠા

जीर्ण शरीरे वर्धमानं व्याधिं नोपेक्षेत् ।
(નબળા શરીરમાં ધીમેથી પણ વધતા જતાં રોગની ઉપેક્ષા ન કરવી.)

# અભ્યાસ કે કારકિર્દી અંગે કેટલીક મહત્ત્વની બાબતો...

• રમેશ તન્ના •

બે સત્યઘટનાઓ સાથે આ લેખનો પ્રારંભ કરીએ.

**પહેલી વાત અમદાવાદની છે.**

એક દીકરી ધોરણ 12માં પાસ થઈ. તેના ઘરમાં દાદીમાએ જીદ કરી કે હવે તેને અંગ્રેજી મીડિયમમાં જ ભણાવો. દીકરી પોતે, તેનાં માતા-પિતા કહેતાં હતાં કે તેને અંગ્રેજી માધ્યમમાં નહીં ફાવે. અલબત્ત દાદીમા અડગ રહ્યાં અને છેવટે એ દીકરીને અમદાવાદની એક કૉલેજમાં અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ અપાવાયો. તેને કૉલેજમાં અંગ્રેજી માધ્યમ ના ફાવ્યું. માંડ-માંડ પાસ થઈ. તેની કારકિર્દીની દિશા જ ફંટાઈ ગઈ. દાદીમાને એવું હતું કે, જમાનો અંગ્રેજી ભાષાનો છે તો છોકરીની કૅરિઅર બની જશે.

છોકરીને આજે પણ અફસોસ છે કે તેણે શા માટે માધ્યમ બદલ્યું ? એ માંડ માંડ કારકિર્દી બનાવી શકી છે. તેનું કહેવું હતું કે તેને ગુજરાતી માધ્યમમાં ભણવા દીધી હોત તો તે પોતાના મનગમતા ક્ષેત્રમાં ખૂબ આગળ વધી શકી હોત.

**હવે જોઈએ બીજી સત્યઘટના :**

એક વિદ્યાર્થી અમેરિકા જઈને ચોક્કસ અભ્યાસક્રમ કરવા માંગતો હતો. તેના પિતા સાથે વિગતવાર ચર્ચા કરવાનું પણ તેને યોગ્ય ના લાગ્યું. એણે તો પ્રૉસિજર શરૂ કરી દીધી. તેના પિતા પરિપક્વ અને શાણા હતા. તેમણે જોઈ લીધું કે દીકરો મિત્રો સાથેની દેખાદેખીમાં આ ગંભીર ભૂલ કરી રહ્યો છે. ધોરણ-12 પછી વિદેશ ભણવા જવાને બદલે ગ્રૅજ્યુએશન કર્યા પછી અમેરિકા ભણવા જવું હિતાવહ હતું તેવું તેમને લાગ્યું.

તેમણે દીકરાને બરાબર સમજાવ્યો. બે-ત્રણ વિઝા કન્સલ્ટન્સીની ઑફિસે લઈ ગયા. ક્યાં અને કેવા અભ્યાસક્રમો ચાલે છે, તેની ફી અને એ કોર્સ કર્યા પછી નોકરી/રોજગારીની શક્યતાઓ વગેરે વિશે ચર્ચા કરી-કરાવી. ધોરણ-12 પછી કેટલાક છોકરાંઓ અમદાવાદ પરત આવ્યા હતા. તેમાંથી એક છોકરાને ત્યાં મળવા પણ ગયા. દીકરાને લાગ્યું કે મારે ઉતાવળ કરીને જવાની જરૂર નથી. તેણે ગ્રૅજ્યુએશન ભારતમાં કર્યું અને અત્યારે તે અમેરિકામાં ભણી રહ્યો છે. યોગ્ય નિર્ણય કરવામાં મદદ કરવા બદલ તે પોતાના પિતાનો આભાર માને છે.

આમ તો 'પસંદગી' કરવાની ભૂમિકા દરેક ક્ષેત્રમાં જોખમી, નાજુક અને લપસણી હોય છે. પરંતુ તેમાંય જ્યારે કારકિર્દીની વાત આવે ત્યારે તો વાત ગંભીર થઈ જતી હોય છે. તમે કોઈ એક માર્ગ પર ચાલતાં-ચાલતાં કે વાહન લઈને જતાં હો અને અચાનક એ રસ્તામાંથી દસ-બાર રસ્તા ફૂટે ત્યારે તમને થાય કે હવે જવું કયા રસ્તે ? ક્યાં જવું છે એ નક્કી હોય તો પસંદગી કરવામાં સરળતા રહે, પણ ખાલી એટલી જ ખબર હોય કે 'કોઈ સારી જગ્યાએ જવું છે' તો પસંદગીમાં તકલીફ પડે. આગળ વધતાં રસ્તો કેવો હશે, એ રસ્તા પર આપણું વાહન બરાબર ચાલી શકશે કે નહીં, સફર કરીને ત્યાં પહોંચીશું ત્યારે ત્યાં ફાવશે કે નહીં.... આવા અનેક પ્રશ્નો થાય.

કારકિર્દીની પસંદગીમાં લગભગ આવું જ બનતું હોય છે. ધોરણ-10 અને ધોરણ-12 પછી એટલા બધા વિકલ્પો હોય છે કે કઈ લાઈનમાં જવું એ માટે મોટી દ્વિધા થાય.

આ દ્વિધામાં પાછી એક સ્થિતિ ઉમેરો કરે. એ કઈ સ્થિતિ ?

માતા-પિતા અને સંતાનનો જુદો જુદો મત. સંતાનને જે ભણવું હોય તેના કરતાં પિતા જુદી વાત કરતા હોય અને માતાની ઇચ્છા વળી ત્રીજી જ હોય. હવે, એક સાથે ત્રણ સ્ટ્રીમમાં ભણી શકાય તેવું તો હોય નહીં ! કરવું શું ?

બધાં પોતપોતાના મતને વળગી જ રહે. સમાજમાં એવા અનેક દાખલા જોવા મળે છે કે માતા-પિતા આગ્રહ કરીને સંતાનને, પોતાની પસંદગીની લાઈન લેવડાવે અને સંતાન નિષ્ફળ જાય. જ્યારે સંતાનને ભણવા માટે કોઈ સ્ટ્રીમ લેવાની નિર્ણાયક ઘડી આવે ત્યારે નીચેની આચારસંહિતાનું પાલન કરવું જોઈએ.

1. પહેલી તક સંતાનને જ મળે, કારણ કે ભણવાનું સંતાનને છે. સંતાન જે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઇચ્છુક હોય તે લાઈનમાં જવા દેવું યોગ્ય ગણાશે.

"જેનો જવાબ વાળવો મુશ્કેલ હોય તેવી દલીલોમાંની એક છે – મૌન." **– મહાત્મા ગાંધીજી**

2. મોટા ભાગે ઘણાં માતા-પિતા પોતાનાં અધૂરા રહી ગયેલાં સ્વપ્નને સંતાનો દ્વારા પૂરાં કરવા માગતાં હોય છે. આ સ્થિતિ અત્યંત જોખમી છે. ભૂલે-ચૂકે પણ આવું ના થવું જોઈએ.

3. સંતાને જે ક્ષેત્રમાં આગળ વધવાનો નિર્ણય કર્યો હોય તેની બરાબર ચકાસણી કરવાનો માતા-પિતાનો પૂરો હક્ક છે. હક્ક કરતાં પણ ફરજ છે. સ્માર્ટ ફોન વાપરતી આજની નવી પેઢી આમ તો 'સ્માર્ટ' છે જ. અમારા એક મિત્રના દીકરાએ દક્ષિણ ભારતની કોઈ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. છ મહિનામાં માલુમ પડ્યું કે તે કાયદેસર નથી. સમય અને પૈસા બંને ગયા. ગુજરાત બહાર કે ભારત બહાર સંતાન ભણવા જતું હોય ત્યારે પાકી તપાસ કરવી જોઈએ. જરૂર પડે તો એકવાર પિતા કે માતાએ રૂબરૂ જઈને તપાસ કરવી જોઈએ. ઘણાં માતા-પિતા આવું કરે છે. અમારા એક મિત્ર પોતાના સંતાન માટે મુંબઈ-હૈદરાબાદ અને બૅંગ્લોર જાતે ગયા. જુદી જુદી યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓ પુત્ર સાથે ફરીને તપાસ કરી. કયા કયા અભ્યાસક્રમો છે ? તેની ગુણવત્તા કેવી છે ? ફેકલ્ટી કેવી છે ? ભવિષ્યમાં તેની તક કેવી છે ? આ બધાનો અભ્યાસ કર્યો. એક અઠવાડિયું અને 40-50 હજારનો ખર્ચ થયો પણ એ જરૂરી હતું.

4. જો સંતાન મિત્રોની દેખાદેખીમાં, ઉતાવળમાં, ઉત્સાહમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય કરતું હોય તેવું માતા-પિતાને લાગે તો તેમણે ધીરજ અને શાંતિથી સ્થિતિને બદલવી જોઈએ. બિનજરૂરી દલીલોને બદલે તર્કબદ્ધ માહિતી સાથે ચર્ચા કરવી જોઈએ.

5. આપણે ત્યાં તકલીફ એક જ છે કે કારકિર્દી પસંદગીના નાજુક મોડ પર સંતાનો અને માતા-પિતા સજાગતા અને સક્રિયતા બતાવતાં નથી. કારકિર્દી પસંદગી વખતે સતર્ક રહીને જુદા જુદા પ્રવાહો અને શૈક્ષણિક સંસ્થાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ.

6. આપણે ત્યાં યોગ્ય રીતે કાઉન્સેલિંગ પણ થતું નથી. એવી સંસ્થાઓ પણ નથી. યોગ્ય વ્યક્તિને મળીને કાઉન્સેલિંગનો લાભ લેવો જોઈએ.

7. ઑનલાઈન યુનિવર્સિટીમાં પ્રવેશ લેતી વખતે સતર્ક રહેવું જોઈએ. જેમ 'પીળું એટલું સોનું' નથી હોતું, બિલકુલ એ જ રીતે ઑનલાઈન બધું સાચું નથી હોતું.

આ આખી ચર્ચાનો સાર એટલો જ છે કે, સંતાનની રુચિ-પસંદગીને પ્રથમ ક્રમ આપવો. પણ હા, તેની સાથે સંબંધિત તમામ મુદ્દાઓ તટસ્થ રીતે તપાસવા. તેમાં મોડા કે મોળા પડે તો મોટું નુકસાન થઈ શકે.

**સંપર્ક : 302, યશ એક્વા, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-9**

## નૂતન વર્ષે – મંગલ પ્રાર્થના

નૂતન વર્ષનું નવલું ટાણું, માગું હરિવર હું નજરાણું;
કૃપા આટલી કરો કૃપાળુ, પ્રગટે જીવનમાં અજવાળું.

સરળ સીધી વાંસળી જેવું જીવવું જીવન મારે,
કડવા ઘૂંટ જીવનના પીને, મીઠાશ દઉં સંસારે !

મૈત્રી ને કરુણાનું ઝરણું વહે હૃદયને દ્વારે,
જનસેવા ને માનવતાની મહેંક પ્રસરે ત્યારે !

વિનમ્રતા ને વિવેક દીપે, વાણી - વર્તન - વ્યવહારે;
સુખ, શાંતિ ને વધે સંતૃપ્તિ, સાત્ત્વિક સ્નેહના સથવારે !

**(કવિ : 'રાધાપ્રેમરશ્મિ'
અમદાવાદ)**

## સાલ મુબારક

શબ્દ મનમાં ઊઘડો ઝળાંહળાં
ભીતરી અંધાર હો ઝળાંહળાં !

સાલ મુબારક કહું છું... શ્વાસમાં -
સૂર્ય જેવા ઊગજો ઝળાંહળાં !

આ જગત છે ગૂંચનું જ ગૂંચળું,
વાટ સમજણની જલી ઝળાંહળાં !

જેમ આ બ્રહ્માંડ ઝળહળી રહ્યું,
જીવતર એવું હજો ઝળાંહળાં !

આપણું શુભ જે હતું, ગયું... રહ્યું...
રહો સ્મરણનો દીવડો ઝળાંહળાં !

**– યોસેફ મૅકવાન
અમદાવાદ**

"ન્યાયની અદાલતોથી પણ મોટી એક અદાલત હોય છે અને તે છે અંતરાત્માના અવાજની."
**– મહાત્મા ગાંધીજી**

# પ્રાસંગિક : વ્યક્તિવિશેષ પરિચય

● સંકલન ●

### (1) યુગપુરુષ મહાત્મા ગાંધીજીની જન્મજયંતી

ઈ.સ. 1869ની બીજી ઑક્ટોબરે પોરબંદરમાં કરમચંદ ગાંધીને ઘેર મોહનદાસનો જન્મ થયો હતો. તેમની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેમના પિતા રાજકોટમાં દીવાન હતા. મોહનદાસ ત્રણ ભાઈઓમાં સૌથી નાના હતા. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી તેમણે મેટ્રિક પાસ કરી હતી. પછી એક સત્ર સુધી ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરીને 1888માં લંડન ગયા અને ત્યાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્રણ વરસે ત્યાંથી તેઓ બેરિસ્ટર થઈને ભારત આવ્યા. શાળામાં ભણતા ત્યારે તેમણે 'હરિશ્ચંદ્ર' નાટક જોયું. આ ઉપરાંત તેમણે 'શ્રવણ પિતૃભક્તિ' પુસ્તક ખૂબ ગમી જતાં વારંવાર વાંચ્યું. આ બંને બાબતની તેમના પર ઊંડી અસર થઈ. પોતે પણ આજીવન સત્યને માર્ગે ચાલશે એવો તેમણે દૃઢ સંકલ્પ કર્યો. ઈ. સ. 1883માં તેમનું લગ્ન થયું. તેમની પત્નીનું નામ કસ્તૂરબાઈ હતું.

તેમણે મુંબઈમાં વકીલાત કરી પણ અનુકૂળ ન આવતાં તેઓ પાછા રાજકોટ આવી ગયા. પછી, પોરબંદરના એક વેપારીનો મુકદ્દમો આફ્રિકામાં ચાલતો હતો તેના કામ અંગે નોકરી મળતાં તેઓ આફ્રિકા ઊપડી ગયા.

આફ્રિકામાં નાતાલની કોર્ટમાં તેઓ સૌપ્રથમ ભારતીય વકીલ હતા. ત્યાં યુરોપિયનો આપણા દેશના લોકોને વારંવાર અપમાનિત કરતા. મોહનદાસને ઘણી વાર તેમનો ભોગ બનવું પડ્યું.

એક વખત તેઓ ત્યાં આગગાડીમાં મુસાફરી કરતા હતા. તેમણે પહેલા વર્ગની ટિકિટ લીધી હતી. કાળા-ગોરાના ભેદની નીતિને કારણે તેમને પ્રથમ વર્ગના ડબામાંથી હડધૂત કરીને ઉતારી મૂકયા. તેમનો સામાન પણ પોલીસે બહાર ફેંકી દીધો ! છતાં તેઓ બીજા ડબામાં ન ગયા. તેમણે કહ્યું, 'મારી પાસે પ્રથમ વર્ગના ડબાની ટિકિટ છે, હું શા માટે બીજા ડબામાં જાઉં ?' છેવટે ગાડી ઊપડી ગઈ. આખી રાત સ્ટેશને પ્રતીક્ષાલયમાં ઠંડીમાં ઠૂંઠવાતા બેસી રહ્યા. સવારે રેલવેના જનરલ મૅનેજરને તાર કર્યો. તેમની ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવી. સવારે બીજી ગાડીમાં આગળ ગયા અને ચાર્લ્સ ટાઉન સ્ટેશને ઊતર્યા. ત્યાંથી ઘોડાગાડીમાં પ્રિટોરિયા જતાં પણ તેમને અપમાનિત થવું પડ્યું. તેમને માર પણ પડ્યો.

આ બધું તેમને અસહ્ય લાગ્યું. પરિણામે તેમણે હિંદીઓ પ્રત્યે થતા આવા અત્યાચારો સામે માથું ઊંચકવાનો નિર્ણય કર્યો. રંગભેદની નીતિને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવા દૃઢ નિર્ધાર કર્યો. તેમણે ત્યાંના મતાધિકાર રદ કરવાના કાયદાના વિરોધમાં 'નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ'ની સ્થાપના કરી. પછી તેઓ ભારત પાછા આવ્યા અને ભારતમાં લોકો સામે આફ્રિકાના ગોરાઓની પોલ ઉઘાડી પાડી. તેથી અંગ્રેજો ખિજાયા.

આફ્રિકામાં તેમની માગણીઓ મંજૂર થઈ. અન્યાય સામે ફક્ત સત્યની શક્તિનો વિજય થયો. તેમણે અહિંસક પ્રતિકાર કરીને પોતાનું ધ્યેય હાંસલ કર્યું. આખા વિશ્વમાં 'સત્યાગ્રહ' શબ્દની શક્તિ પ્રસિદ્ધ થઈ ગઈ. મોહનદાસ કરમચંદ ગાંધીની કીર્તિનો ધ્વજ આખી દુનિયામાં લહેરાવા લાગ્યો.

ભારતમાં એક સાદા - સામાન્ય - માણસની જેમ તેઓ ફર્યા. ઠેરઠેર તેમણે બ્રિટિશ સરકારના અન્યાયી રંગઢંગ જોયા. લોકોનાં દુઃખ જાણ્યાં. પરિણામે તેમણે અમદાવાદમાં કોચરબમાં 'સત્યાગ્રહ આશ્રમ'ની સ્થાપના કરી.

તેમણે સરકારની અન્યાયી નીતિ સામે અહિંસક આંદોલનો શરૂ કર્યાં. ભારતમાંથી દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં મજૂરો પૂરા પાડવાની ગિરમિટ પ્રથા રદ કરાવીને તેમણે સરકાર સામે પહેલો વિજય મેળવ્યો. ચંપારણ્ય(બિહાર)માં ગળીનાં કારખાનાંના મજૂરો અને અમદાવાદના મિલમજૂરોના પ્રશ્નોનો નિકાલ તેમણે આવાં આંદોલનોથી લાવી આપ્યો. જનતાને અહિંસક રીતે પ્રતિકાર કરવાના પાઠ શિખવાડીને તૈયાર કરી. તેમણે 'નવજીવન' માસિકને સાપ્તાહિકમાં ફેરવી નાખવા ઈન્દુલાલ યાજ્ઞિકને કહ્યું અને પોતે તેના તંત્રી બન્યા.

"સત્ય અને અહિંસા પરમ શસ્ત્રો છે, જેમાં ભારે પુરુષાર્થ રહેલો છે." — **મહાત્મા ગાંધીજી**

તે સાપ્તાહિક દ્વારા તેમણે નવી ચેતના જગાવી; આખા દેશમાં અસહકારનો જુવાળ પ્રગટ્યો. લોકોને સરકારી નોકરીઓમાંથી રાજીનામાં અપાવીને દરેક વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર કરાવ્યો. વિદેશી કાપડની હોળી કરાવી. શાળા-કૉલેજોને તાળાં મરાવ્યાં અને એ રીતે આખા દેશને આળસ મરડાવી ઊભો કર્યો. કૉંગ્રેસના 1 કરોડ સભ્યો બનાવી 1 કરોડ રૂપિયાનું ભંડોળ ઉઘરાવવાનો તથા 20 લાખ ચરખા ગૂંજતા કરવાનો ભગીરથ પ્રયત્ન આદર્યો. દેશની ગરીબ પ્રજાની કરુણ દશા જોઈ તેમણે પહેરણ અને ટોપીનો ત્યાગ કર્યો. માત્ર ટૂંકી પોતડી પહેરીને સાદાઈની આરાધના શરૂ કરી અને ત્યારથી તેઓ મહાત્મા ગાંધી અને આગળ જતાં ‘બાપુ’ના હુલામણા નામે પ્રત્યેક ભારતવાસીના હૈયામાં વસી ગયા.

મીઠાના કાયદાનો ભંગ કરવા તેમણે સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો. 1930ની 12મી માર્ચે અમદાવાદના સાબરમતી આશ્રમથી સિત્તેર જેટલા સાથીઓ સાથે દાંડીયાત્રા શરૂ કરી. 25 દિવસ પછી 241 માઈલની મુસાફરીને અંતે દાંડીના દરિયાકિનારે પહોંચી મૂઠી મીઠું ઉપાડી સરકારના જુલમી કાયદાની ઘોર ખોદી. આ મૂઠી મીઠાથી બ્રિટિશ શાસન પાયામાં જાણે લૂણો લાગ્યો ! આ લડતની સુગંધ આખા વિશ્વમાં ફેલાઈ ગઈ.

1931માં ગાંધીજી કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ઈંગ્લૅન્ડ ગયા. નિષ્ફળતા મળતાં ત્યાંથી પાછા આવી હરિજનોના ઉદ્ધાર માટે આખા દેશનો પ્રવાસ કર્યો. ગ્રામોદ્ધાર માટે આખા ભારતને આદર્શ ગામની કલ્પના મૂર્તિમંત કરી દેખાડવા મહારાષ્ટ્રના વર્ધા પાસેના શેગાંવ નામના ગામડાને પોતાનું વડું મથક બનાવ્યું. 1942માં તેમણે ‘ભારત છોડો’ આંદોલન છેડીને અંગ્રેજ શાસનને હચમચાવી દીધું.

1944ના ફેબ્રુઆરી મહિનામાં તેમનાં ધર્મપત્ની કસ્તૂરબા સ્વર્ગે સિધાવ્યાં ત્યારે તેઓ પુનાના આગાખાં મહેલમાં જેલવાસ ભોગવતાં હતાં. રામના સાથી જેમ હનુમાન હતાં તેમ તેમના સાથી - અંતેવાસી - મહાદેવભાઈ દેસાઈ હતા. ગાંધીજીના મંત્રી તરીકે તેમણે અનુપમ સેવા બજાવી હતી. તેમનું અવસાન પણ આગાખાં મહેલમાં કસ્તૂરબાના અવસાન પહેલાં થયું હતું.

1946માં પૂર્વ બંગાળના નોઆખલીમાં હુલ્લડના ભોગ બનેલા લોકોને સાંત્વના આપવા તેમણે બંગાળનો પ્રવાસ કર્યો. હિન્દુ-મુસ્લિમની એકતા સ્થાપવા અને નિર્ભયતા તેમજ શાંતિનો સંદેશ આપવા તેઓ ત્યાં ગામેગામ ઘૂમી વળ્યા.

એમ કરતાં કરતાં આવી પંદરમી ઑગસ્ટ 1947. તે દિવસે આપણો દેશ આઝાદ થયો. ગાંધીજીના અવિરત નિષ્ઠાયુક્ત પ્રયત્નો અને અજોડ નેતૃત્વનું એ હતું મીઠું મધૂરું ફળ !

તેઓ એક સાચા માનવ હતા અને માનવતાના પૂજારી હતા. તેમને મન નાતજાતના ભેદ ઓગળી ગયેલા હતા. હિન્દુ-મુસ્લિમ પ્રત્યે તેઓ સમભાવ રાખતા તે કોઈકને ગમ્યું નહિ હોય; તેથી ઉશ્કેરાઈને કોઈ હુમલા ખોરે 1948ના જાન્યુઆરીમાં તેમના પર બૉમ્બ ફેંક્યો ! સદ્ભાગ્યે તેઓ બચી ગયા. તેમણે હુમલાખોરને ક્ષમા આપી, પણ 30મી જાન્યુઆરીએ તેઓ જયારે સાંજની પ્રાર્થનાસભામાં જઈ રહ્યા હતા ત્યારે નથુરામ ગોડસે નામના એક હિન્દુએ તેમને ગોળીએથી વીંધી નાખ્યા ! બે હાથ જોડેલા રાખીને ‘હે રામ !’ બોલીને આપણા રાષ્ટ્રપિતા આ ફાની દુનિયાને અલવિદા કહી ગયા.

ગાંધીજીનું વ્યક્તિત્વ જ અનોખું હતું. ભારતના પ્રત્યેક ક્ષેત્રમાં તેમના વ્યક્તિત્વની છાપ ઊપસી છે. તેમણે લખેલી આત્મકથા **‘સત્યના પ્રયોગો’** વિશ્વની ઉત્તમ આત્મકથા તરીકે પંકાઈ છે; આદર્શ આત્મકથા ગણાઈ છે, જેની લાખો નકલો છપાઈ પણ છે.

ગાંધીજીનો પરિચય કેવી રીતે કરાવી શકાય ? આકાશને તે વળી મપાતું હશે ? આપણે તો એટલું જ કહી શકીએ કે તેઓ એક મહર્ષિ હતા, બુદ્ધ અને ઈસુની પરંપરાને આગળ ધપાવનાર એક યુગપુરુષ હતા, મહામાનવ હતા.

**(‘ગુજરાતના ઘડવૈયા’ - પુસ્તકમાંથી સાભાર)**

### (2) ‘અખંડ ભારતના શિલ્પી’ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી

આજથી આશરે સો વરસ પહેલાં નડિયાદની શાળાના એક વર્ગમાં એક ક્રોધી અને માથાભારે શિક્ષક ટેબલ પર સોટી પછાડીને એક ગરીબ છોકરાને તતડાવી રહ્યા હતા :

“એય બબૂચક, દંડના પૈસા કેમ નથી લાવ્યો ? ઊઠ, ઊભો થા.” દયામણું મોઢું કરીને તે છોકરો ઊભો થયો. કશું બોલી શક્યો નહિ.

“આત્મવિશ્વાસનો અર્થ છે - પોતાના કાર્યોમાં અતૂટ શ્રદ્ધા.” **— મહાત્મા ગાંધીજી**

શિક્ષકનાં ભવાં ચઢી ગયાં.

"મોઢામાં મગ ભર્યા છે ? ચાલ નીકળ ક્લાસની બહાર, એમ તાડૂકી શિક્ષકે તેને બહાર કાઢી મૂક્યો. છોકરો રડુંરડું થઈ ગયો. તરત એક બીજો છોકરો ઊભો થઈ ગયો. તેનાથી આ અન્યાય સહન થયો નહિ. તેણે આખા ક્લાસને એલાન આપ્યું :

"અલ્યા, બધા બહાર નીકળી જાઓ, જોઈ શું રહ્યા છો ?

આખો ક્લાસ હડુડુડૂ કરતો ખાલી થઈ ગયો. વાત આટલેથી અટકી નહિ. અન્યાયનો વિરોધ કરનાર છોકરાએ આખી સ્કૂલમાં હડતાલ પડાવી. ત્રણ દિવસને અંતે હેડમાસ્તરે સમાધાન કરાવ્યું અને હવે પછી આવી અન્યાયી સજા નહીં થાય તેની ખાતરી આપી.

હડતાલ પડાવનાર છોકરો એ જ આપણા લાડીલા સરદાર વલ્લભભાઈ પટેલ. ત્યારે તેઓ છઠ્ઠી અંગ્રેજીમાં ભણતા હતા. તેમની ઉંમર પંદરેક વરસની હતી.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ઑક્ટોબર, 1875માં ખેડા જિલ્લાના કરમસદ ગામે થયો હતો. પ્રાથમિક શિક્ષણ કરમસદમાં લઈને તેઓ નડિયાદ ભણવા ગયા. ત્યાં તેમણે માધ્યમિક શિક્ષણ લીધું, તેમણે છેલ્લે વકીલાતની પરીક્ષા આપી અને પાસ થઈ ગોધરામાં વકીલાત કરવા માંડી. ત્યારપછી લંડન જઈ તેઓ બૅરિસ્ટર બન્યા.

તેમના પિતા ઝવેરભાઈએ 1857ની ક્રાંતિમાં આગળ પડતો ભાગ લીધો હતો. તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પણ બૅરિસ્ટર હતા. તેમને સંતાનમાં એક પુત્ર ડાહ્યાભાઈ અને એક પુત્રી મણિબહેન હતાં. સરદારને ખેડૂતો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ હતી. ખેડા, બોરસદ અને બારડોલીના ખેડૂતોને બ્રિટિશ સરકારે અન્યાય કર્યો ત્યારે તેઓ તેમના પડખે ઊભા રહ્યા હતા. તેમણે ખેડૂતોને સરકારનો વિરોધ કરવા તૈયાર કર્યા. 1928માં બારડોલી સત્યાગ્રહમાં અગ્રેસર રહીને વલ્લભભાઈએ અંગ્રેજ રારકારને ઝુકાવી દીધી. તેમણે અપાવેલા વિજયને કારણે ખેડૂતોએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું. ત્યારથી 'સરદાર' અને 'બારડોલી' જાણે સમાનાર્થી શબ્દો બની ગયા છે.

વલ્લભભાઈને પચીસેક વરસની ઉંમરે બગલમાં એક મોટું ગૂમડું થયેલું, ત્યારે તે બાકરોલમાં રહેતા હતા. ગામમાં ડૉક્ટરની સગવડ ન હતી. વાળંદને બોલાવવામાં આવ્યો. ગૂમડું જોઈ વાળંદ વિચારમાં પડી ગયો અને બોલ્યો : "વલ્લભભાઈ, ગૂમડું તો ભારે લાગે છે." વલ્લભભાઈ કહે "એમાં શું ભારે લાગે છે? મૂકી દોને ચીરો !" વાળંદે લોખંડનો પાતળો સળિયો ચૂલામાં મૂકી બરાબર તપાવ્યો. સળિયો લાલચોળ થઈ ગયો. તેને સાણસીથી બરાબર પકડીને વાળંદ ગૂમડા નજીક લઈ ગયો. સળિયો લાલચોળ એવું ગૂમડુંયે લાલચોળ ! વાળંદની હિંમત ચાલી નહિ. તેને કમકમાં આવી ગયાં. તે તો બસ, જોઈ જ રહ્યો !

'જોઈ શું રહ્યા છો ? બીક લાગે છે?' વલ્લભભાઈએ વાળંદ સામે જોઈને કહ્યું.

"વલ્લભભાઈ, તમારાથી નહિ વેઠાય, મને દયા આવી જાય છે." વાળંદ ગળગળો થઈને બોલ્યો.

"લાવો, મને આપો. આ તમારું કામ નહિ" એમ કહીને વલ્લભભાઈએ જાતે જ સળિયાથી ગૂમડાને નસ્તર મૂકી દીધું. વાળંદ તો સિસકારા કરતો દિગ્મૂઢ થઈને જોતો જ રહી ગયો. તેમણે સળિયો ગૂમડામાં બરાબર ચારે તરફ ફેરવીને બધું પરુ બહાર કાઢી નાખ્યું. હવે તે જડમૂળથી ગયું એમ કહેતા વલ્લભભાઈ ઊભા ઊભા હસતા હતા.

ત્યાં ઊભો રહેલો એક ગ્રામજન બોલી ઊઠ્યો, "આ કોઈ નાનો-સૂનો માણસ નથી, આ તો લોખંડી પુરુષ છે."

આવા લોખંડી પુરુષ વકીલનો વ્યવસાય કરવા માટે અમદાવાદ આવ્યા. ત્યાં તેમની મુલાકાત ગાંધીજી સાથે થઈ; જાણે 'સોનામાં સુગંધ' ભળી. શરૂઆતમાં વલ્લભભાઈ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા ન હતા. એક વકીલ તરીકે સૂટબૂટ અને હૅટમાં સજ્જ રહેતા વલ્લભભાઈ ઘણી વખત પોતડી પહેરનારા ગાંધીજીની ઠેકડી ઉડાડતા, પણ પછીનાં વરસોમાં તેઓ ગાંધીજીની કેડીએ ચાલ્યા. તે એટલી હદે કે લોકો તેમને 'ગાંધીનો આંધળો ભક્ત' કહેતા.

નાગપુરમાં ઝંડા સત્યાગ્રહમાં તેમણે અંગ્રેજ અમલદારોનું પાણી ઉતારી નાખ્યું. 1942ની ચળવળ વખતે તેમણે લાંબો સમય જેલ ભોગવી, જેલવાસ દરમિયાન તેઓ ગાંધીજી સાથે હતા. જેલમાંના કેટલાક કિસ્સા વલ્લભભાઈના રમૂજી સ્વભાવનો પરિચય કરાવે છે.

"પુસ્તકોનું મૂલ્ય રત્નો કરતાં પણ વધુ અમૂલ્ય છે. પુસ્તકો અંતઃકરણને અજવાળે છે." — **મહાત્મા ગાંધીજી**

એક માણસે ગાંધીજીને પત્રથી પૂછેલું : ''આપણું ત્રણ મણનું શરીર લઈને આપણે ધરતી પર ચાલીએ અને અનેક કીડીઓ ચગદાઈ જાય એ હિંસા શી રીતે અટકાવવી ?''

ગાંધીજીએ પત્ર વલ્લભભાઈને બતાવ્યો અને પૂછ્યું 'શો જવાબ આપીએ ?'

વલ્લભભાઈ તરત બોલી ઊઠ્યા, ''એને લખોને કે પગ માથા પર મૂકીને ચાલે.''

એક વાર બાપુએ કહ્યું, ''વલ્લભભાઈ, પાટીના ખાટલા કરતાં કાથીનો ખાટલો સારો.''

વલ્લભભાઈએ પૂછ્યું, ''કેમ ? કાથી તો ખૂંચે, એ નહીં જોવાનું ?''

બાપુ બોલ્યા, ''એનો એક ફાયદો છે. આદુ તેના પર ઘસીએ તો સારી રીતે છોલાઈ જાય.''

વલ્લભભાઈ તરત બોલ્યા, ''આ તમારાં મૂઠી હાડકાં પર ચામડી છે તેની શી દશા થશે એ વિચાર કર્યો ?''

ફૂલથીયે કોમળ અને વજ્રથી કઠોર આપણા લાડીલા સરદારે દેશનાં 565 જેટલાં રજવાડાં પોતાની વિચક્ષણ બુદ્ધિથી ભારતમાં ભેળવી દઈને એક અખંડ ભારતની રચના કરી. તે સાચે જ ભારતના શિલ્પી હતા.

કૉંગ્રેસ પક્ષના તેઓ ઘડવૈયા હતા. તેમણે રાજ્યવહીવટ તો કુનેહથી કર્યો જ પણ અનેક સંસ્થાઓનો ઉદય તેમના હાથે થયો. તેમનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું. અન્યાય સામે અંગારાની જેમ ભભૂકતા અને સ્પષ્ટ વક્તા તરીકે ખ્યાતિ પામેલા વલ્લભભાઈ ક્યારેય ભુલાશે નહિ.

આદર્શ વકીલ, અજેય સત્યાગ્રહી, કુનેહબાજ અને સંનિષ્ઠ નેતા તેમજ માનવતાના આ પૂજારીનો જીવનદીપ 1950ની ડિસેમ્બરના રોજ બુઝાઈ ગયો. તેમના મૃત્યુની આખા વિશ્વે નોંધ લીધી. જવાહરલાલ નેહરુએ તેમને સ્વાતંત્ર્યસંગ્રામના કપ્તાન અને મુશ્કેલીમાં માર્ગ બતાવનાર રાહબર તરીકે અંજલિ આપી.

**- લેખક - અરવિંદ ગજ્જર**
**('ગુજરાતના ઘડવૈયા' પુસ્તકમાંથી સાભાર)**

### (3) લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતી

શાંતિચાહક અડગ વીર; ભારતના અદના કહી શકાય એવા નમ્ર-મૂકસેવક; 1951ની સ્વતંત્ર ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી વખતે કૉંગ્રેસના મહામંત્રી; પોતાનાં કાર્યરીતિ, પ્રામાણિકતા, ત્યાગવૃત્તિ અને સૌજન્યથી સૌનાં મન હરી લેનાર; નેહરુવિહોણા ભારતનું સુકાન સંભાળી, ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા પ્રથમ યુદ્ધ દરમ્યાન પોતાની કુનેહ, દૃઢ નિર્ણયશક્તિ અને મક્કમ નિર્ધારનો વિશ્વને પરિચય કરાવનાર મહામાનવ શ્રી લાલબહાદુર શાસ્ત્રી, પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ બાદ રશિયાની દરમ્યાનગીરીથી તાશ્કંદ શહેરમાં મંત્રણા માટે ગયા અને ત્યાં ઈ.સ. 1966ની જાન્યુઆરીની અગિયાર તારીખે ઓચિંતા અવસાન પામ્યા.

ઈ.સ. 1904ની બીજી ઑક્ટોબરે મુઘલસરાઈમાં પ્રયાસની કાયસ્થ પાઠશાળાના એક શિક્ષક શારદાપ્રસાદ શ્રીવાસ્તવને ત્યાં, માતા રામદુલારીની કૂખે એમનો જન્મ થયેલો. નાની ઉંમરે પિતાનું અવસાન થતાં લગભગ નિરાધાર થઈ ગયેલા. એમના કુટુંબને અનેક યાતનાઓનો સામનો કરવો પડ્યો. બનારસમાં પોતાના માસાને ત્યાં રહીને એ ભણ્યા. અભ્યાસમાં તેજસ્વી, સ્વભાવે શાંત અને ગંભીર તથા વર્તણૂકમાં સંયમ અને સાદગીથી સભર એવા લાલબહાદુર, ખેલકૂદમાં બહુ વખત ન બગાડતા; પરંતુ તેઓ અચ્છા તરવૈયા હતા એટલું જ નહિ, બૅડમિન્ટન, વૉલીબૉલ અને ક્રિકેટ જેવી રમતોમાં એમનાં શોખ અને સમજ અસાધારણ હતાં. ગાંધીજીની રાષ્ટ્રભાવનાથી આકર્ષાઈ, વડીલો અને ગુરુઓની સમજાવટ છતાં તેમણે અભ્યાસ પડતો મૂકી, સત્તર વર્ષની વયે જ, આઝાદીની લડતમાં ઝૂકાવ્યું. ત્યાગ અને સેવા તથા સાદગી અને સંયમ તો એમના જીવનના અર્ક સમાન હતાં.

જેલવાસમાં તેમણે 'માદામ ક્યૂરી'નું જીવનચરિત્ર અંગ્રેજીમાંથી હિંદીમાં ભાષાન્તરિત કરેલું. એ એમનું પહેલું ને છેલ્લું પુસ્તક છે. બાકી તો આખી જિંદગી એક 'અદના આદમી' તરીકે તેમણે દેશસેવા જ કરી છે. આ કાર્યની શરૂઆત તેમણે પંજાબકેસરી લાલા લજપતરાયની 'ધ પીપલ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી'માં જોડાઈને કરેલી અને ભારતના વડાપ્રધાન પદ સુધી તેઓ પહોંચ્યા. આ સમયગાળા દરમ્યાન આઝાદીની ચળવળમાં તેમણે અવિરત કામ કર્યું. 1946માં વચગાળાની સરકાર રચવા ટાણે 'પ્રાંતીય કૉંગ્રેસ સમિતિ'ની ચૂંટણી સમિતિના મંત્રી તરીકે તેમણે અથાગ પરિશ્રમ કરીને જે સંગઠન સાધ્યું

''જેમ શરીરને માટે ભોજન અનિવાર્ય છે તેમ આત્મા માટે પ્રાર્થના અનિવાર્ય છે.'' **— મહાત્મા ગાંધીજી**

તે અવિસ્મરણીય ઘટના છે. પં. જવાહરલાલથી માંડી દેશના અનેક મોટા મોટા નેતાઓના તેઓ વિશ્વાસપાત્ર હતા. **'જય જવાન, જય કિસાન'** એમણે આપેલું સૂત્ર ખૂબ જ સમયસરનું અને યથાર્થ હતું.

સાલસ સ્વભાવ, સહિષ્ણુ વૃત્તિ, સરળ, ધાર્મિક ને ચારિત્ર્યશીલ જીવન તથા આદર્શ નીતિમત્તાથી તે સભર હતા. એમનો વ્યવહાર સ્નેહભર્યો અને વિનમ્ર હતો. સામાન્ય જનતાની મુશ્કેલીઓનો એમને પૂરો ને ખરો ખ્યાલ હતો. જીવનની અનેક પ્રતિકૂળતાઓ અને કઠણાઈઓ પાર કરીને આજનો યુવાન, લોકશાહીમાં નિષ્કપટ રહીને પણ, ધારે તો શું શું સિદ્ધ કરી શકે એનું એક પ્રબળ ને પ્રેરણાદાયી ઉદાહરણ એમણે પૂરું પાડ્યું. એમણે શાંત, વિવેકપૂર્ણ અને નિર્ધારિત મક્કમતાથી, ચિત્તને સ્વચ્છ તથા વિચાર દ્વારા સ્વચ્છ રાખીને ઝંઝાવાતો સામે, ખડગ જેવી અડગતા દર્શાવી પોતાનું તથા દેશનું શિર સદા ઉન્નત ટકાવી રાખ્યું. તેમનામાં નેહરુની આદર્શપ્રિયતા હતી, સરદાર વલ્લભભાઈની વ્યવહાર દક્ષતા હતી. લાલા લજપતરાય અને ગાંધીજીની સેવાવૃત્તિ હતી. હાથ ધરેલું કાર્ય પૂરું કરવાની એમની ચીવટ જીવનના અંત સુધી જળવાઈ રહી. **(સંકલન)**

**('વાસરિકા વ્યક્તિવિશેષ' પુસ્તકમાંથી સાભાર)**

### (4) હોમી જહાંગીર ભાભાની જન્મજયંતી

ભારતના પરમાણુ કાર્યક્રમના પિતામહ, ભાભા એટમિક રિસર્ચ સૅન્ટરના સ્થાપક, નિર્દેશક અને ટાટા મૂળભૂત અનુસંધાન કેન્દ્ર (TIFR)ના પ્રોફેસર અને નિર્દેશક હોમી જહાંગીર ભાભાનો જન્મ 30 ઑક્ટોબર, 1909ના રોજ પારસી કુટુંબમાં થયો હતો. તેમના પિતા જાણીતા વકીલ હતા. શાળાનું શિક્ષણ મુંબઈમાં મેળવીને હોમી ભાભાએ રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ અને ત્યારબાદ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હતો. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન ભાભાએ કેવેન્ડીશ લૅબોરેટરીમાં પણ સંશોધનનું કાર્ય કર્યું હતું અને ગાણિતિક ટ્રાઈપોસની પરીક્ષા પ્રથમ ક્લાસમાં પાસ કરી હતી. રાલ્ફ ફાઉલરના માર્ગદર્શનમાં ઈ.સ. 1934માં ભાભાએ પીએચ.ડી.નું કાર્ય પૂર્ણ કર્યું હતું. સપ્ટેમ્બર, 1939માં દ્વિતીય વિશ્વયુદ્ધ પહેલાં ભારત પરત આવેલા ભાભાએ બેંગ્લોર ખાતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ ખાતે રીડર તરીકે સેવાઓ આપી હતી. આ દરમિયાન ભાભાએ કોસ્મિક કિરણો પર સંશોધન માટેના એકમની સ્થાપના કરી હતી. ઈ.સ. 1945માં જે.આર.ડી. ટાટાના આર્થિક સહયોગથી ભાભાએ મુંબઈમાં 'ટાટા મૂળભૂત અનુસંધાન કેન્દ્ર'ની સ્થાપના કરી હતી. તો બીજી તરફ 1948માં એટમિક એનર્જી કમિશનની સ્થાપના બાદ તેના પ્રથમ ચેરમેન બન્યા હતા. 1950ના દશકમાં તેઓએ ઇન્ટરનેશનલ એટમિક એનેર્જી કમિશનની કૉન્ફરન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ડિપાર્ટમેન્ટ ઑફ એનેર્જી (DAE)ના પ્રથમ સચિવપદે રહીને હોમી ભાભાએ પરમાણુ ઊર્જા કાર્યક્રમને આગળ વધાર્યો હતો. ચીન સાથેના ભારતના યુદ્ધ બાદ ભાભાએ પરમાણુ શસ્ત્રો બનાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. ઈલેક્ટ્રોન-પોઝીટ્રોન સ્કેટરીંગ પર કરેલા તેમના કાર્ય બદલ આ ઘટનાને ભાભાના માનમાં ભાભા સ્કેટરીંગ તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત ભાભાએ ક્રોમ્પટન સ્કેટરીંગ અને R-Process પર પણ ઘણું સંશોધન કર્યું હતું. ઈ.સ. 1954માં ભારત સરકાર દ્વારા તેમને 'પદ્મવિભૂષણ'થી નવાજવામાં આવ્યા હતા. ભાભાએ પ્રધાનમંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે અંતરિક્ષ ક્ષેત્રમાં સંશોધન માટે વિક્રમ સારાભાઈને પૂર્ણ સહકાર આપીને પ્રોત્સાહિત કર્યા હતા. ભારતમાં થોરિયમ વિપુલ માત્રામાં મળી આવે છે. ભારતમાં થોરિયમ આધારિત 3 સ્ટેજનો પરમાણુ ઊર્જા કાર્યક્રમ હોમી ભાભાની દેન છે, આ ઉપરાંત હોમી ભાભાએ હોમી શેઠના, પી.કે. આયંગર, વાસુદેવ ઈયા, રાજા રામન્ના જેવા અનેક વૈજ્ઞાનિકોને તૈયાર કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

પરમાણુ ઊર્જા સિવાય ભાભાના અંગત રસના વિષયોમાં ચિત્રકળા, શાસ્ત્રીય સંગીત અને વનસ્પતિશાસ્ત્ર પણ હતા. હોમી ભાભાના માનમાં ઘણી સંસ્થાઓનું નામકરણ કરવામાં આવ્યું છે. 24 જાન્યુઆરી 1966માં વિયેનાની મુસાફરી દરમિયાન એક વિમાન દુર્ઘટનામાં હોમી ભાભાનું અવસાન થયું હતું.

**શ્યામ ખંભોળજા**
**વલ્લભવિદ્યાનગર,**

"શિક્ષણ એટલે માનવીને માનવ બનાવવાની એક સર્વસ્વીકૃત પદ્ધતિ અને જિંદગી જીવવાની કળા શીખવાડે તે."
**— મહાત્મા ગાંધીજી**

# પ્રાસંગિક : દિનવિશેષ પરિચય

● સંકલન ●

## 'વિશ્વ પ્રાણી દિન' (4, ઑક્ટોબર)

દર વર્ષે ચોથી ઑક્ટોબરે **'વિશ્વ પ્રાણી દિન'** ઉજવાય છે. વિદ્યાર્થીઓમાં પ્રાણી કે પશુઓ પ્રત્યે પ્રેમ જાગે, સભાનતા કેળવાય અને તેમની જાળવણીના પાયાના બીજ યોગ્ય રીતે રોપાય, પ્રાણીસંપત્તિને નષ્ટ થતી અટકાવાય તે હેતુથી શાળાઓ તથા જ્યાં પશુધન સચવાય છે તેવા 'નેશનલ પાર્ક' અને 'અભયારણ્યો' ખાતે **'World Animal Day'** ઉજવાય છે. વિશ્વ પ્રાણી દિવસની ઉજવણીનો ઉદ્દેશ પ્રાણીઓના કલ્યાણની ચળવળ માટે છે. બધા જ નાના-મોટા-મુખ્ય, પાલતુ તથા વન્ય તેમજ સસ્તન પ્રાણીઓ, સરીસૃપોનું સંરક્ષણ જરૂરી છે. રાષ્ટ્રીયતા, ધર્મ, શ્રદ્ધા કે રાજકીય વિચારધારાને ધ્યાનમાં લીધા વગર દરેક દેશમાં આ **'વર્લ્ડ એનિમલ ડે'** અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે. હિન્દીમાં એક પંક્તિ છે કે -

**जानवर कोई चीज नहीं, बल्के एक जीवित जीव है, जो हमारी करुणा, सम्मान, दोस्ती और समर्थन के योग्य है।**

ગુજરાતમાં ગીર, બ્લૅકબક (કાળિયાર), વાંસદા અને મરીન જેવાં સ્થળોએ પ્રાણીઓના નેશનલ પાર્ક તથા ગીર પ્રાકૃતિક, ઘુડખર, જેસોર, બરડા પ્રાકૃતિક, મરીન, નારાયણ સરોવર, રતનમહાલ, સુરપાણેશ્વર, કચ્છ, ગાગા અને રામપરા પ્રાકૃતિક, પાણિયા અને બાલારામ અંબાજી, પૂર્ણા, જાંબુઘોડા, મિતિયાલા જેવાં સ્થળોએ પ્રાણીઓના અભયારણ્યોથી આપ સૌ પરિચિત છો અને ત્યાં ઘણા બધા પાલતુ અને જંગલી પ્રાણીઓ રહે છે, સચવાય છે અને તેમની સારવાર કરવામાં આવે છે. ગુજરાતમાં રબારીઓ, ભરવાડો, આહિરો, માલધારીઓ વગેરે પશુપાલનની પ્રવૃત્તિમાં રોકાયેલા હોય છે. ગાય, ભેંસ, બળદ, ઘેટાં, બકરાં, ઊંટ, ઘોડા, ટટ્ટુ જેવા પાલતુ પશુઓની સુધારણા માટે અનેક પશુસંવર્ધન કેન્દ્રો પણ છે. ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવાને લીધે ગુજરાત જૈવિક વિવિધતાની દૃષ્ટિએ ખૂબ સમૃદ્ધ છે. કેટલાક ભયમાં મુકાયેલાં અને જવલ્લે જ જોવાં મળતાં પ્રાણીઓને પણ આશ્રય આપી ગુજરાત દેશમાં આગવું સ્થાન ધરાવે છે. વન્ય પ્રાણી સંરક્ષણ ધારા 1972 અને સુધારા અધિનિયમ 1991 મુજબ ગુજરાતનાં ઘણાં બધાં સસ્તન અને સરીસૃપ પ્રાણીઓની ઉછેર સહ કાળજી, માવજત અને સારવાર થતી રહે છે.

'વિશ્વ પ્રાણી દિન'ની ઉજવણી દ્વારા બાળકો નૈસર્ગિક સંપત્તિ અને પ્રાણીઓના વિકાસની જાળવણી અને તેમના ઉત્કર્ષ માટે સતત જાગૃત અને પ્રયત્નશીલ રહે તેવા કાર્યક્રમો શાળા-સંસ્થાઓએ કરવાના હોય છે. જે લોકો પોતાની સુવિધા કે ફાયદા માટે પ્રાણીઓનો નાશ કરે છે, તેમનો શિકાર કરી હાનિ પહોંચાડે છે, પ્રાણીઓની સંખ્યા ઘટાડે છે. તેમને અટકાવવા માટે સૌએ અને પશુપ્રેમીઓએ પ્રયત્નશીલ રહેવું પડશે. પાલતુ પ્રાણીઓ આપણને હર પળે મદદરૂપ, ઉપયોગી, વફાદાર અને સ્વામિભક્ત રહે છે. તેથી તે આપણા મિત્રો સમાન છે. સરકાર પણ હંમેશાં તેમના ઉત્કર્ષ માટે પ્રયત્નો કરી રહી આ દિનની ઉજવણી કરે છે. સરકાર પશુ દવાખાનાંઓ વગેરે ઊભા કરી તેમની કાળજી લઈ રહી છે. નાનાથી મોટા - આબાલવૃદ્ધ સૌ સજાગ બની પ્રાણીઓ પ્રત્યે સ્નેહપૂર્વક, પ્રેમભર્યું વર્તન કરે અને તેમનો આદર કરે તેવી માહિતી આ દિવસે સૌને-બાળકોને અપાય એ જરૂરી છે. આજે માનવી પોતાના અંગત સ્વાર્થ માટે, પોતાના શોખ પૂરા કરવા પશુધનનો દુરુપયોગ કરતો થયો છે અને તેથી કેટલીક પશુજાતિ લુપ્ત પણ થવા માંડી છે ત્યારે સરકારશ્રીએ કાયદાકીય કડક પગલાં લઈ પ્રાણીઓની સુરક્ષા વધારવી જોઈએ. વધતી જાગૃતિ અને શિક્ષણ દ્વારા આપણે એક એવું વિશ્વ બનાવી શકીએ, જ્યાં પ્રાણીઓને હંમેશાં સંવેદનશીલ માણસો તરીકે ઓળખવામાં આવે. છેલ્લે,

यह संदेश जन जन तक पहुचाना है,
पशु-पक्षियों की सुरक्षा होगी,
तो पर्यावरण की सुरक्षा होगी।

**(સંકલન)**

**('વાસરિકા વ્યક્તિવિશેષ' પુસ્તિકામાંથી સાભાર)**

"કેળવણી બે પ્રકારની છે - માણસને માણસાઈનું ભાન કરાવે તે તથા ધર્મ પ્રત્યે માનવીને જાગૃત કરે તે."
**– સરદાર વલ્લભભાઈ પટેલ**

## વહીવટી વિભાગ

ક્રમાંક : મઉમશબ/GSOS/2023/88
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10/બી, ગાંધીનગર.
તા. 13-09-2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય : ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)માં વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન ચાલુ કરવા બાબત.**

**સંદર્ભ : અત્રેની કચેરીના તા. 8/9/2023ના પત્રક્રમાંક : મઉમશબ/GSOS/2023/87.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે વિવિધ કારણોસર શાળા છોડી જતાં બાળકોને ઉંમર, સમય કે સ્થળના બાધ સિવાય અધૂરું શિક્ષણ પૂરું કરવા માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) એક ઉમદા તક પૂરી પાડે છે. રાજ્યકક્ષાએ ગુજરાત સરકારે શિક્ષણ વિભાગના તા.15/7/2010 ના ઠરાવ ક્રમાંક : બમશ-10101325-ગ થી GSOS સોસાયટીની રચના કરેલ છે. ગુજરાત રાજયના તમામ જિલ્લાઓ ખાતે GSOSના અમલીકરણ માટે જિલ્લા દીઠ એક નોડલ અધિકારી અને તાલુકા દીઠ ઓછામાં ઓછું એક સ્ટડી સૅન્ટર નિયત કરવામાં આવેલ છે જેની વિગતો આ સાથે સામેલ છે.

ઉપરોક્ત સંદર્ભ અન્વયે શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ થવા ઈચ્છતા ન હોય તેવા વિદ્યાર્થીઓને નીચે જણાવ્યા મુજબની સૂચનાઓ ધ્યાને લઈ GSOSમાં રજિસ્ટ્રેશન ચાલુ કરવામાં આવે છે.

**રજિસ્ટ્રેશન માટેની પાત્રતા :**

વર્ષ 2023-24થી વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગમાં ધોરણ 9 અને 10નો તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહમાં ધોરણ 11 અને 12 માટે નિયમિત વિદ્યાર્થી તરીકે હાલ નોંધાયેલા ન હોય અને માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક (સામાન્ય પ્રવાહ)નો અભ્યાસ કરવા માગતા હોય તેવા વિદ્યાર્થી.

- ધોરણ 9 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 13 (તેર) વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી.
- ધોરણ 10 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 14 (ચૌદ) વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી.
- ધોરણ 11 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ 10 પાસ કરેલ વિદ્યાર્થી.
- ધોરણ 12 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ 10 પાસ કરેલ હોય તે પરીક્ષા વર્ષથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સુધી બે વર્ષ જેટલો સમયગાળો થતો હોય તેવા વિદ્યાર્થી.

**રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા :**

- GSOSમાં રજિસ્ટ્રેશન માટે કોઈ ફી લેવામાં આવશે નહીં અને અભ્યાસ માટે તમામ સેવા નિઃશુલ્ક રહેશે.
- ધોરણ 9 થી 12 માં નોંધણી કરાવવા માટે વિદ્યાર્થીએ પોતાના રહેઠાણની નજીક આવેલ કોઈ પણ સરકારી કે અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરી શકશે અને આવા કોઈ પણ વિદ્યાર્થીને નજીકના બ્લોક રિસોર્સ સૅન્ટરથી રજિસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે. તે માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ભરવાનું ફૉર્મ પરિશિષ્ટ-એ આ સાથે સામેલ છે.

"કેળવણી પારકી ભાષામાં અપાય છે, ત્યારે શબ્દો યાદ રાખવાનો બોજો બાળકોના મગજ પર વધુ પડે છે, વિષયોને સમજવામાં પણ તેને ખૂબ મુશ્કેલી પડે છે."
**— સરદાર વ. પટેલ**

- જે તે પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી અભ્યાસ પૂર્ણ કરી અથવા અધવચ્ચે શાળા છોડીને નીકળેલા વિદ્યાર્થીઓને GSOSના લાભ મળે તે માટે આવા વિદ્યાર્થીઓને સામે ચાલીને શોધીને તેમને અને તેઓના વાલીઓને આ બાબતે માહિતગાર કરી નોંધણી કરાવવા માટે વિશેષ પ્રયાસ જે તે શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોએ કરવાના રહેશે.
- બ્લોક રિસોર્સ સૅન્ટર દ્વારા આવા વિદ્યાર્થીઓની નોંધણી, રજિસ્ટ્રેશન માટેની પાત્રતાને ધ્યાને રાખી ચાઈલ્ડ ટ્રેકીંગ નંબરનો ઉપયોગ કરી https://www.ssagujarat.org પોર્ટલ પર કરવાની રહેશે.
- પ્રાથમિક શાળાઓની શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)અને માધ્યમિક શાળાઓની શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતિ (SMDC)વિદ્યાર્થીઓની GSOSમાં રજિસ્ટ્રેશનની કામગીરી માટે સક્રિય યોગદાન આપશે.
- આપના જિલ્લાના પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓની **GSOS**માં નોંધણી થાય તે ઈચ્છનીય છે.
- જિલ્લાના નોડલ અધિકારીશ્રીઓએ GSOSમાં વિદ્યાર્થીઓની નોંધણી બાબતે, તાલુકાના સ્ટડી સૅન્ટરના આચાર્યશ્રીઓ સાથે સંપર્કમાં રહી કામગીરી પૂર્ણ કરાવવી.
- GSOSની માહિતી માટે શ્રી તુષારભાઈ મહેતા (મદદનીશ સચિવ) (Mo.9909929071)નો સંપર્ક કરી શકાશે.

**(એન. જી. વ્યાસ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**બિડાણ :**

- નોડલ અધિકારીશ્રીઓની યાદી
- આપના જિલ્લાના GSOS સ્ટડી સૅન્ટરની યાદી

**નકલ સવિનય રવાના :**

1) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
3) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
4) નિયામકશ્રી, ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

**આ QR Code સ્કેન કરીને 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' અંકની PDF મેળવી શકાશે. જેની લિંક નીચે મુજબ છે :**

https://www.gsebeservice.com/assets/pdf/magazine

"દરેક યુવક-યુવતીએ રાષ્ટ્રઘડતરમાં અને રાષ્ટ્રજીવનમાં પોતાનો હિસ્સો આપી શકે તેટલી તો તાલીમ લેવી જોઈએ."
**– સરદાર વલ્લભભાઈ પટેલ**

# ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) જિલ્લા નોડલ અધિકારીશ્રીની યાદી 2023-24

| ક્રમ | જિલ્લા કોડ | જિલ્લાનું નામ | જિલ્લા નોડલ અધિકારીશ્રીનું નામ | હોદ્દો | કચેરી/શાળાનું સરનામું | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| 1 | 50 | AHMEDABAD CITY | JWALLARI H. JHA | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICER OFFICE, BAHUMALI BHAVAN, BLOCK-A, FIRST FLOOR, VASTRAPUR, AHMEDABAD | 9376154370 |
| 2 | 51 | AHMEDABAD RURAL | INDUBEN CHAVDA | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICER OFFICE, BAHUMALI BHAVAN, BLOCK-A, GROUND FLOOR, , VASTRAPUR,AHMEDABAD | 9825328917 |
| 3 | 52 | AMRELI | GOYANI SUNILKUMAR MANSUKHKLAL | PRINCIPAL | SARKARI MADHYAMIK ANE UCHCHTAR MADHYAMIK SHALA, SHAKHAPUR DIST:- AMRELI | 9428969697 |
| 4 | 53 | KUTCH | NASHIRHUSEN A.MANSURI | PRINCIPAL | MODEL SCHOOL NALIYA (ABDASA)KUTCH | 9998779730 |
| 5 | 54 | KHEDA | ANKIT ASHWIN KUMAR SHAH | PRINCIPAL | SARKARI MADHYAMIK SHALA, APRUJI, TA. KATHLAL,DIST. KHEDA. | 9898096186 |
| 6 | 55 | GANDHINAGAR | MUKESHSINH DHARMSINH CHAVDA | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE, SAHYOG SANKUL,, SECOND FLOOR, A WING, SECTOR-11, GANDHINAGAR | 9099017385 |
| 7 | 56 | JAMNAGAR | DR. BINA NIKHIL KUMAR DAVE | PRINCIPAL | SHREE SAJUBA GOVT. GIRLS HIGHSCHOOL, RAJKOT ROAD, OPP. DIPAK CINEMA, JAMNAGAR-361001 | 9825224515 |
| 8 | 57 | JUNAGADH | KARAMTA LAKHMANBHAI V. | PRINCIPAL | GIRLS SCHOOL AAZAD CHOK JUNAGADH | 9601644181 |
| 9 | 58 | DANG | GANGODA AMARSINGHBHAI AVSUBHAI | PRINCIPAL | GOVERNMENT SECONDARY AND HIGHER SECONDARY SCHOOL AHWA-DANG | 9429118198 |
| 10 | 59 | PANCHMAHAL | JASHVANTBHAI KHATUBHAI PARMAR | EDUCATION INSPECTOR | DEO OFFICE GODHRA | 9428363584 |
| 11 | 60 | BANASKANTHA | PATEL KIRITKUMAR AMBALA | PRINCIPAL | MODEL SCHOOL, NILPUR, TA.DANTIWADA, DIST.BANASKANTHA | 9727203413 |
| 12 | 61 | BHARUCH | DR. DIVYESH ZAVERBHAI PARMAR | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE, HOSTEL GROUND, SEVASHRAM ROAD, BHARUCH | 9898108593 |
| 13 | 62 | BHAVNAGAR | RAJYAGURU VISHAL LAKSHMIKANTBHAI | PRINCIPAL | MODEL SCHOOL TALAJA, NH-51,TALAJA, DIST-BHAVNAGAR | 9429415776 |
| 14 | 63 | MEHSANA | PATEL ASHOKKUMAR HIRALAL | EDUCATION INSPECTOR | DEO OFFICE MEHSANA | 9428386525 |
| 15 | 64 | RAJKOT | BINA B.KATIRA | EDUCATION INSPECTOR | DEO OFFICE RAJKOT, KARANSINHJI SCHOOL, OPP.CITY GUEST HOUSE, BHUPENDRA ROAD, RAJKOT | 7600055751. |
| 16 | 65 | VADODARA | VANAJARA BALUBHAI JAVARABHAI | EDUCATION INSPECTOR | OFFICE OF THE DISTRICT EDUCATION OFFICER, OPPOSITE ANAVIL BHAVAN, KARELI BAGH, VADODARA-390018. | 9727420737 |
| 17 | 66 | VALSAD | GULABCHANDRA FULSINH LUHAR | PRINCIPAL | MODELSCHOOL,MANDVA TA:- KAPRADA DI:- VALSAD | 9426756881 |
| 18 | 67 | SABARKANTHA | CHAUDHARI JAYANTIBHAI SAKABHAI | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE,BAHUMALI BHAVAN, HIMATNAGAR SABARKANTHA | 9904850200 |
| 19 | 68 | SURAT | PRAGNESHKUMAR B. PATEL | PRINCIPAL | DISTRICT EDUCATION OFFICE SURAT | 9825370836 |
| 20 | 69 | SURENDRANAGAR | KISHOR KUMAR NARESH KUMAR BAROT | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE BAHUMALI BHAVAN KHERALI ROAD, SURENDRANAGAR 363001 | 7574805978 |

"પ્રજાનો વિશ્વાસ એ રાજ્યની નિર્ભયતાની નિશાની છે." – સરદાર વલ્લભભાઈ પટેલ

# ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) જિલ્લા નોડલ અધિકારીશ્રીની યાદી 2023-24

| ક્રમ | જિલ્લા કોડ | જિલ્લાનું નામ | જિલ્લા નોડલ અધિકારીશ્રીનું નામ | હોદ્દો | કચેરી/શાળાનું સરનામું | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| 21 | 73 | ANAND | MOHAMMAD ARSHAD M SHAIKH | EDUCATION INSPECTOR | DISTIRICT EDUCATION OFFICE ANAND | 9427180278 |
| 22 | 74 | PORBANDAR | NAMRATABA A. VAGHELA | PRINCIPAL | BHAVSINHJI GOV. HIGHSCHOOL, OPP ST BUS DEPOT, PORBANDAR | 9662034093 |
| 23 | 75 | DAHOD | MEDHAVINI P SHASTRI | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE, DAHOD | 9664771468 |
| 24 | 76 | NARMADA | KAPILDEV NATWARLAL KATARIYA | PRINCIPAL | DISTRICT EDUCATION OFFICE, NARMADA | 9428175230 |
| 25 | 77 | PATAN | PRAJAPATI ANISHABEN NAVINCHANDRA | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE, BLOK NO 2, FIRST FLOOR, JILLA COLLECTOR KACHERI COMPOUND, PATAN | 9428470517 |
| 26 | 78 | NAVSARI | MANISHKUMAR MOHANBHAI PATEL | PRINCIPAL | GOVERNMENT SECONDARY SCHOOL, ENDHAL, TA. GANDEVI, DIST NAVSARI | 8155930338 |
| 27 | 79 | TAPI | GANGODA GOVINDBHAI RAMJIBHAI | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE TAPI. VYARA. | 9427819846 |
| 28 | 80 | ARAVALLI | HARESHKUMAR HIRABHAI PATEL | PRINCIPAL | MODEL SCHOOL JESHINGPUR, MALPUR TA. MALPUR, DI ARAVALLI | 8200517383 |
| 29 | 81 | BOTAD | ZAPADIYA ISHVARBHAI DHANJIBHAI | PRINCIPAL | GOVT.HIGHSCHOOL-BOTAD | 9904742031 |
| 30 | 82 | CHHOTAUDEPUR | PRAJAPATI AMITKUMAR HIRABHAI | PRINCIPAL | GOVERNMENT SECONDARY AND HIGHER SECONDARY SCHOOL, AT. SIMALFALIYA, PO. PADHARVANT, TA.DI.CHHOTAUDEPUR. | 9099945001 |
| 31 | 83 | DEVBHUMI DWARKA | KIRATSATA VIMAL J. | EDUCATION INSPECTOR | DISTRICT EDUCATION OFFICE, G.V.J. HIGH SCHOOL COMPOUND, STATION ROAD JAM KHAMBHALIYA, PIN 361305 | 9426458017 |
| 32 | 84 | GIR SOMNATH | DAVE SANJAYKUMAR DAYASHANKAR | PRINCIPAL | SHRI SARKARI MADHYAMIK SHALA (RMSA)- SINGSAR, AT-SINGSAR, TA- SUTRAPADA, DIST- GIR SOMNATH | 9998881248 |
| 33 | 85 | MAHISAGAR | PATEL KIRITKUMAR MANILAL | PRINCIPAL | MODEL SCHOOL DIWDA COLONY, TA-KADANA, DI - MAHISAGAR | 9427751973 |
| 34 | 86 | MORBI | PRAVINKUMAR VIRJIBHAI AMBARIYA | EDUCATION INSPECTOR | JILLA SHIKSHANADHIKARINI KACHERY, NR.VC TECH.HIGHSCHOOL, SHAKATI CHAUK, MORBI | 9879784033 |

"પ્રસંગે બોલવું શોભે છે પણ પ્રસંગ વિનાનું બોલવું એ માવઠા જેવું નકામું છે." – **સરદાર વ. પટેલ**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2023/3598-3631
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 05-10-2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય : કમ્પ્યૂટર અધ્યયન વિષયની 'ફી' બાબત.**

**સંદર્ભ : (1) અત્રેની કચેરીનો પત્રક્રમાંક મઉમશબ/હ/સંશોધન/26250 તા. 20/05/2004**
**(2) બોર્ડની તા. 03/10/2023ના રોજ મળેલ કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : 668/2023**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ કમ્પ્યૂટર વિષય રાખવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ અત્રેની કચેરીના સંદર્ભ-1 દર્શિત પત્ર અન્વયે માસિક રૂ. 50/- 'ફી' વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી હતી. ઉક્ત 'ફી'માં વધારો કરવા બાબતે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળની રજૂઆત અત્રે મળેલ હતી જે અન્વયે તા. 03/10/2023ના રોજ મળેલ બોર્ડની કારોબારી સમિતિના ઠરાવક્રમાંક : 668/2023થી કમ્પ્યૂટર અધ્યયન વિષય રાખવા ઇચ્છતી નોંધાયેલ અનુદાનિત (ગ્રાન્ટ-ઇન-એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિમાસ ફીના રૂ. 50/-ના બદલે રૂ. 125/- પ્રતિમાસ ફી લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે તેમજ તેનો અમલ ઑક્ટોબર-2023ના માસથી કરવાનું ઠરાવેલ છે. જે અન્વયે રાજ્યની તમામ બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ઑક્ટોબર-2023થી કમ્પ્યૂટર અધ્યયન વિષય માટે પ્રતિમાસ રૂ. 125/- ફી લેવાની રહેશે તેમજ તે અંગેની પહોંચ વિદ્યાર્થી/વાલીને આપવાની રહેશે. આપના તાબા હેઠળની તમામ બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જાણ કરશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

– માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

"દાન સ્વાભાવિક લાગણીથી અને તાકીદે અપાય તો જ તે ફળદાયી થઈ શકે છે." **– સરદાર વ. પટેલ**

**પરિપત્ર**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)-2020 તેમજ નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (NCF)માં દર્શાવ્યા મુજબ ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષાનાં પ્રશ્નપત્રોના સરળીકરણ કરવા બાબત.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10/બી, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2023/3799-3805
તારીખ : 12-10-2023

**વંચાણે લીધા :**

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. 10-08-2023ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિની કાર્યવાહી નોંધ.

(2) અત્રેની કચેરીની તા. 25-08-2023ની સિંગલ ફાઇલ પર મળેલ સરકારીશ્રીની મંજૂરી

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)-2020ના પ્રકરણ-4ના 4.37માં દર્શાવ્યા મુજબ ''બોર્ડની પરીક્ષાઓને પણ 'સરળ' બનાવવામાં આવશે. સરળ એ અર્થમાં કે પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાને બદલે ક્ષમતાઓ અને યોગ્યતાઓની પરીક્ષા કરશે. કોઈ પણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે.''

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)-2020ની આ સંકલ્પનાને અનુરૂપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને ધોરણ-12ની હાલની પરીક્ષા પદ્ધતિમાં નીચે દર્શાવ્યા મુજબ ફેરફાર કરી સરળીકરણ કરવા અંગે થયેલ દરખાસ્ત ઉપર રાજ્ય સરકારની મંજૂરીને ધ્યાને રાખી વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે.

| હાલની જોગવાઈ | | | | સુધારેલ જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર | ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર |
| 10 | 20% | 80% | આંતરિક વિકલ્પ | 10 | 30% | 70% | 56 ગુણના તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ |
| 12 (સા.પ્ર.) | 20% | 80% | આંતરિક વિકલ્પ | 12 (સા.પ્ર.) | 30% | 70% | 70 ગુણના તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ |
| 12 (વિ.પ્ર.) | 50% (MCQ) With OMR | 50% | આંતરિક વિકલ્પ | 12 (વિ.પ્ર.) | 50% (MCQ) with OMR | 50% | 50 ગુણના તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ |

ઉપરોક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને ધોરણ-12ની સુધારેલ પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ 2023-24થી અમલમાં આવશે. તે માટે તજ્જ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાનાં પ્રશ્નપત્રો તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

''આઝાદીનું રક્ષણ ફક્ત આપણા દેશના લશ્કરી જવાનોનું જ કામ નથી, એના રક્ષણ માટે તો આખા દેશે મજબૂત થવું પડે.''
**– લાલબહાદુર શાસ્ત્રી**

ઉક્ત વિગતો તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા તેઓના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપવાની રહેશે.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(1) માન. અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-1, ગાંધીનગર.

(2) માન. અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર.

(3) માન. સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) શિક્ષણ વિભાગ, બ્લોક નં-5 / 7, સચિવાલય, ગાંધીનગર.

(4) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**નકલ રવાના :**

(1) માન. નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(2) નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર., વિ.પ્ર., SSC) જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ માટે મોકલી આપવા સારુ)

## પાયાનો પથ્થર – લાલબહાદુર શાસ્ત્રી

શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી'ના સભ્ય તરીકે અલ્હાબાદમાં સાર્વજનિક જીવનમાં પ્રવેશ કર્યો અને જનસેવાનું કામ ખૂબ જ રસપૂર્વક કરવા લાગ્યા. પણ તેઓ તો એક કર્તવ્યનિષ્ઠ સ્વયંસેવક હતા. છાપાંઓની પ્રસિદ્ધિમાં એમને શ્રદ્ધા ન હતી.

એક દિવસ બીજા એક સ્વયંસેવકે એમને સહૃદયતાથી પૂછ્યું, ''ભાઈ, તમને છાપાંઓમાં નામ છપાવવા માટે અણગમો કેમ છે ?''

શાસ્ત્રીજીએ એમને કહ્યું, આજે પણ મને લાલા લજપતરાયના શબ્દો યાદ આવે છે. એમણે સોસાયટી માટે કામની દીક્ષા આપતાં કહ્યું હતું : ''લાલબહાદુર, તાજમહાલમાં બે જાતના પથ્થર લાગેલા છે. એક કિંમતી સંગેમરમરનો, જેનો મહેલ અને ગુંબજ બન્યો છે, દુનિયા તો એનાં જ વખાણ કરે છે. બીજો છે પાયાનો પથ્થર, જેની કોઈ પ્રશંસા કરતું નથી.''

એટલું કહ્યા પછી શાસ્ત્રીજીએ ખૂબ નમ્રતાથી એમની પોતાની ઇચ્છા જણાવી : ''દોસ્ત, હું તો પાયાનો પથ્થર બનવા માંગું છું.''

(સંકલન)

''જો આપણે સતત અંદરોઅંદર લડતાં રહીશું તો આપણે જ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આપણે ગરીબી, બીમારી અને અજ્ઞાન સામે લડવું જોઈએ.'' **– લાલબહાદુર શાસ્ત્રી**

**પરિપત્ર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમ–2005માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 12-10-2024

**વંચાણે લીધા :**

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005

(2) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. 12/10/2023ની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.

**આમુખ :**

શિક્ષણ વિભાગના સંદર્ભ (1) દર્શિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (2)ના વિનિયમ ક્રમાંક : 16(1)માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005માં આ સાથેના સામેલ પત્રક મુજબ દર્શાવેલ હાલની જોગવાઈને બદલે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની તા. 12/10/2023ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એચ. કે. ગોહિલ)**
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના :**

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1-સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.1/ગ.2 શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મૅનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

"જ્યારે સ્વતંત્રતા અને દેશની અખંડતા જોખમમાં હોય ત્યારે પૂરી શક્તિથી એ પડકારનો મુકાબલો કરવો એ જ એકમાત્ર કર્તવ્ય છે." **– લાલબહાદુર શાસ્ત્રી**

**ગાંધીનગર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005માં વિનિયમ ક્રમાંક 16(1), હાલની જોગવાઈમાં સુધારો કરવા બાબત**

**ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ તા. 12/10/2023નું બિડાણ**

<table>
<tr><th>હાલની જોગવાઈ</th><th>સુધારેલ જોગવાઈ</th></tr>
<tr><td>16(1) પરીક્ષા સમિતિ વખતોવખત નક્કી કરે તે મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નક્કી કરેલ કેન્દ્રોમાં વર્ષમાં એકવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા માર્ચ માસમાં લેવાશે. સામાન્ય રીતે આવા નક્કી કરેલાં કેન્દ્રોની જાણ શાળાઓને માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા માટે જે તે વર્ષની પહેલી જાન્યુઆરી પહેલાં કરવામાં આવશે. જે તે વર્ષના માર્ચ માસમાં લેવાયેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં બે વિષયોમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં એક વિષયમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br><br>પૃથક્ ઉમેદવાર જૂન/જુલાઈની પૂરક પરીક્ષામાં બેસી શકશે નહીં. અગાઉ માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષામાં અનુત્તીર્ણ (નાપાસ) થયેલ ઉમેદવાર આવી પૂરક પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરશે (પાસ થશે) ત્યારે તે ઉત્તીર્ણ જાહેર કરાશે. ખાસ સંજોગોમાં કોઈ પણ સમયે અને કોઈ પણ કેન્દ્ર પર ખાસ પરીક્ષા લેવાનો અધિકાર પરીક્ષા સમિતિને રહેશે.</td><td>16(1) પરીક્ષા સમિતિ વખતોવખત નક્કી કરે તે મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નક્કી કરેલ કેન્દ્રોમાં વર્ષમાં એકવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા માર્ચ માસમાં લેવાશે. સામાન્ય રીતે આવા નક્કી કરેલાં કેન્દ્રોની જાણ શાળાઓને માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા માટે જે તે વર્ષની પહેલી જાન્યુઆરી પહેલાં કરવામાં આવશે. જે તે વર્ષના માર્ચ માસમાં લેવાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ઉપસ્થિત,<br><br>ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (**વિજ્ઞાન પ્રવાહ**)ના ઉમેદવારોને તમામ વિષયોની બોર્ડ દ્વારા જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે. બંને પરિણામ એટલે કે માર્ચ અને જૂન/જુલાઈમાંથી જે શ્રેષ્ઠ (Best of Two Exams) હોય તે પરિણામ સ્વીકારવાનું રહેશે.<br><br>ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (**સામાન્ય પ્રવાહ**)માં બે વિષયમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br><br>માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં **ત્રણ વિષયોમાં** 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br><br>પૂરક પરીક્ષા સંબંધિત વિસ્તૃત નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બનાવવામાં આવશે. પૃથક્ ઉમેદવાર જૂન/જુલાઈ પૂરક પરીક્ષામાં બેસી શકશે નહીં. ખાસ સંજોગોમાં કોઈ પણ સમયે અને કોઈ પણ કેન્દ્ર પર ખાસ પરીક્ષા લેવાનો અધિકાર પરીક્ષા સમિતિને રહેશે.</td></tr>
</table>

"દેશની તાકાત અને મજબૂતી માટે સૌથી જરૂરી કામ છે - એકતા સ્થાપિત કરવાનું." **– લાલબહાદુર શાસ્ત્રી**

# વહીવટી વિભાગ

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ – ગાંધીનગર

## માર્ચ - 2024ની પરીક્ષાનો કાર્યક્રમ

## માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (SSCE)

| તારીખ/વાર | વિષય અને વિષય કોડ તેમજ સમય 10-00 am to 13-15 pm | | | |
|---|---|---|---|---|
| 11-03-2024<br>સોમવાર | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>હિન્દી (પ્રથમ ભાષા)<br>મરાઠી (પ્રથમ ભાષા)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા)<br>સિંધી (પ્રથમ ભાષા)<br>તામિલ (પ્રથમ ભાષા)<br>તેલુગુ (પ્રથમ ભાષા)<br>ઉડિયા (પ્રથમ ભાષા) | (01)<br>(02)<br>(03)<br>(04)<br>(05)<br>(06)<br>(07)<br>(08)<br>(09) | | |
| 13-03-2024<br>બુધવાર | સ્ટાન્ડર્ડ ગણિત /<br>બેઝિક ગણિત | (12)<br>(18) | | |
| 15-03-2024<br>શુક્રવાર | સામાજિક વિજ્ઞાન | (10) | | |
| 18-03-2024<br>સોમવાર | વિજ્ઞાન | (11) | | |
| 20-03-2024<br>બુધવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | (16) | | |
| 21-03-2024<br>ગુરુવાર | ગુજરાતી (દ્વિતીય ભાષા) | (13) | | |
| 22-03-2024<br>શુક્રવાર | હિન્દી (દ્વિતીય ભાષા)<br>સિંધી (દ્વિતીય ભાષા)<br>સંસ્કૃત (દ્વિતીય ભાષા)<br>ફારસી (દ્વિતીય ભાષા)<br>અરબી (દ્વિતીય ભાષા)<br>ઉર્દૂ (દ્વિતીય ભાષા) | (14)<br>(15)<br>(17)<br>(19)<br>(20)<br>(21) | હેલ્થકેર*<br>બ્યુટી ઍન્ડ વેલનેશ*<br>ટ્રાવેલ ટુરિઝમ*<br>રિટેઇલ*<br>ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ હાર્ડવેર*<br>એગ્રીકલ્ચર*<br>અપેરલ મેડ અપ ઍન્ડ હોમ ફર્નિશિંગ*<br>ઓટોમેટિવ*<br>ટુરિઝમ ઍન્ડ હૉસ્પિટાલિટી*<br>બેન્કિંગ, ફાયનાન્સિયલ સર્વિસ ઍન્ડ ઇન્સ્યોરન્સ*<br>ફુડ પ્રોસેસિંગ*<br>IT(આઈ.ટી.)/ ITes (આઈ.ટી.ઇ.એસ.)*<br>પ્લમ્બર*<br>સ્પોર્ટ્સ / ફિઝિકલ ઍજ્યુકેશન ફિટનેસ ઍન્ડ લેઇઝર* | (41)<br>(42)<br>(43)<br>(44)<br>(49)<br>(50)<br>(76)<br>(78)<br>(80)<br>(82)<br>(84)<br>(86)<br>(88)<br>(90) |

- SSC ધોરણ 10ના તમામ પ્રશ્નપત્રો 80 ગુણના રહેશે. જ્યારે વોકેશનલ કોર્સના વિષય કોડ 41, 42, 43, 44, 49, 50, 76, 78, 80, 82, 84, 86, 88, 90 વિષયના પ્રશ્નપત્રો 30 (ત્રીસ) ગુણના રહેશે.
- પ્રશ્નપત્રનો સમય 10:00 થી 10:15 કલાક પ્રશ્નપત્ર વાંચવા માટે તથા 10:15 થી 13:15 કલાક ઉત્તરો લખવા માટે રહેશે. વિષયક્રમાંક 41, 42, 43, 44, 49, 50, 76, 78, 80, 82, 84, 86, 88, 90માં 11:15 સુધી લખવા દેવામાં આવશે.
- પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષયકોડ નંબર અવશ્ય લખવો પરંતુ ઉત્તરવહીનાં મુખ્ય પાના ઉપર કોઈ પણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહીં.
- પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના સમયના અડધો કલાક અગાઉ હાજર થવાનું રહેશે.

“જિંદગી વન-ડે મેચ જેવી છે, જેમાં રન વધે પણ ઑવર ઘટે છે, જિંદગીમાં ધન વધે છે પણ ઉંમર ઘટે છે, માટે રોજ પુણ્યકર્મોના ચોગ્ગા-છગ્ગા લગાવો.” – **આચાર્યશ્રી વિજયરત્ન સૂરિશ્વરજી**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ – ગાંધીનગર

## (HSCE) માર્ચ, 2024ની પરીક્ષાનો કાર્યક્રમ

### ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) ધોરણ 12

### સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહનો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય 10-30 AM to 1-45 PM | | સમય 3-00 PM to 6-15 PM | |
|---|---|---|---|---|
| 11-03-24 સોમવાર | સહકાર પંચાયત | (111) | નામાનાં મૂળતત્ત્વો | (154) |
| 12-03-24 મંગળવાર | ભૂગોળ | (148) | સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર | (337) |
| 13-03-24 બુધવાર | | | અર્થશાસ્ત્ર | (022) |
| 14-03-24 ગુરુવાર | ઇતિહાસ | (029) | આંકડાશાસ્ત્ર | (135) |
| 15-03-24 શુક્રવાર | | | મનોવિજ્ઞાન | (141) |
| 16-03-24 શનિવાર | કૃષિ વિદ્યા<br>ગૃહજીવન વિદ્યા<br>વસ્ત્ર વિદ્યા<br>પશુપાલન અને ડેરી વિજ્ઞાન<br>વનવિદ્યા અને વનૌષધિ વિદ્યા | (060)<br>(068)<br>(076)<br>(080)<br>(351) | તત્ત્વજ્ઞાન | (136) |
| 18-03-24 સોમવાર | સામાજિક વિજ્ઞાન | (058) | વાણિજ્ય વ્યવસ્થા | (046) |
| 19-03-24 મંગળવાર | *સંગીત સૈદ્ધાંતિક | (146) | ગુજરાતી (દ્વિતીય ભાષા)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) | (008)<br>(013) |
| 20-03-24 બુધવાર | | | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>હિન્દી (પ્રથમ ભાષા)<br>મરાઠી (પ્રથમ ભાષા)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા)<br>સિંધી (પ્રથમ ભાષા)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા)<br>તામિલ (પ્રથમ ભાષા) | (001)<br>(002)<br>(003)<br>(004)<br>(005)<br>(006)<br>(007) |
| 21-03-24 ગુરુવાર | | | હિન્દી (દ્વિતીય ભાષા) | (009) |
| 22-03-24 શુક્રવાર | ચિત્રકામ સૈદ્ધાંતિક<br>ચિત્રકામ પ્રાયોગિક<br>***હેલ્થકેર<br>***રિટેઇલ<br>***બ્યુટી એન્ડ વેલનેશ<br>***એગ્રીકલ્ચર<br>***અપેરલ એન્ડ મેડઅપ હોમ ફર્નિશિંગ<br>***ઓટોમોટિવ<br>***ઇલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર<br>***ટુરિઝમ એન્ડ હૉસ્પિટાલિટી | (137)<br>(138)<br>(401)<br>(403)<br>(405)<br>(409)<br>(411)<br>(413)<br>(415)<br>(417) | **કમ્પ્યૂટર પરિચય | (331) |
| 23-03-24 શનિવાર | | | સંસ્કૃત<br>ફારસી<br>અરબી<br>પ્રાકૃત | (129)<br>(130)<br>(131)<br>(132) |
| 26-03-24 મંગળવાર | રાજ્યશાસ્ત્ર | (023) | સમાજશાસ્ત્ર | (139) |

"મહેનત એટલી શાંતિથી કરો કે સફળતાને શોર મચાવવો જ પડે !" – **'અજ્ઞાત'**

## ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ

(1) પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલા વિષયોના કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર, સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.

(2) પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષય કોડ નંબર અવશ્ય લખવો, પરંતુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર કોઈપણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહીં.

(3) પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના 30 મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરીક્ષા શરૂ થવાના 20 મિનિટ અગાઉ હાજર રહેવું.

(4) પ્રશ્નપત્રને લગતું કોઈ પણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન, ડિજિટલ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષાસ્થળ અને પરીક્ષાખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદું કેલ્ક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈ પણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષાખંડમાં પ્રવેશિકા સિવાય કોઈ પણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે તેને પૂરતા પુરાવા માનવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

(5) પરીક્ષાના આ કાર્યક્રમમાં જે વિષય/વિષયોનો સમાવેશ કરેલ છે તે પૈકી શાળાના કોઈ વિદ્યાર્થીને 3 કલાકના નક્કી કરેલ એક જ સમયે (એક જ સેશનમાં) એક કરતાં વધુ વિષયોની પરીક્ષા આપવાની થતી હોય અથવા કોઈ વિષય/વિષયોનો આ કાર્યક્રમમાં સમાવેશ થયેલ ન હોય તો આ બાબતની શાળાના રેકર્ડ સાથે ચકાસણી કરી શાળાએ જૂથ યોજના મુજબના જ વિષયો આવેદનપત્રોમાં દર્શાવલ હોય તો બોર્ડની કચેરીને તાત્કાલિક લેખિત જાણ કરવી. પરીક્ષા બાદ કોઈ રજૂઆત ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(6) સામાન્ય પ્રવાહના સંગીત પ્રાયોગિક (147) વિષયની **પ્રાયોગિક પરીક્ષા શાળાઓ દ્વારા લેવાની રહેશે અને તેના ગુણ શાળાઓએ ON LINE તા. 07-03-2024 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.**

(7) વ્યવસાયલક્ષી પ્રવાહના કૃષિ, કોમર્સ, ગૃહ વિજ્ઞાન અને તાંત્રિક જૂથના **પ્રાયોગિક પરીક્ષાના** વિષયોની પ્રાયોગિક તથા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પરીક્ષાઓ સંબંધિત શાળાઓ દ્વારા લેવામાં આવશે. આવી શાળાઓ પોતાની શાળાના પરીક્ષાર્થીઓને પુરતા સમય અગાઉ કાર્યક્રમની જાણ કરવાની રહેશે. **તેના ગુણ પણ શાળાઓએ ON LINE તા. 07-03-2024 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.**

(8) સિંધી ભાષાના પ્રશ્નપત્ર (005) વિષય કોડના પ્રશ્નપત્રના ઉત્તરો સિંધી દેવનાગરી અથવા સિંધી એરેબિક લિપિમાં લખી શકાશે.

(9) તમામ પ્રવાહોના કમ્પ્યૂટર પરિચય વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળા દ્વારા લેવામાં આવશે. શાળાઓએ તેની જાણ વિદ્યાર્થીને કરવાની રહેશે. **તેના ગુણ પણ શાળાઓએ ON LINE તા. 07-03-2024 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.**

(10) *ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર સંગીત સૈદ્ધાંતિક (146) વિષયની પરીક્ષાનો સમય 10-30 થી 12-45 નો રહેશે.

(11) **ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર કમ્પ્યૂટર પરિચય (331) વિષયની સૈદ્ધાંતિક પરીક્ષા OMR જવાબવહીથી લેવાશે. જેનો સમય 3-00 થી 5-15 નો રહેશે.

(12) ***ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર હેલ્થકેર (401), રીટેઈલ (403),બ્યુટી ઍન્ડ વેલનેસ (405), એગ્રિકલ્ચર (409), અપેરલ ઍન્ડ મેડઅપ હોમ ફર્નિશિંગ (411), ઓટોમોટિવ (413), ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ હાર્ડવેર (415), ટુરિઝમ ઍન્ડ હૉસ્પિટાલિટી (417) વિષયની પરીક્ષાનો સમય 10-30 થી 11-45 નો રહેશે.

**(એમ. કે. રાવલ)**
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

"મારું જીવન એ જ મારો સંદેશ છે." - **મહાત્મા ગાંધીજી**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ – ગાંધીનગર

# (HSCE) માર્ચ - 2024ની પરીક્ષાનો કાર્યક્રમ

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) ધોરણ 12

### વ્યવસાયલક્ષી પ્રવાહનો કાર્યક્રમ

**સમય 3-00 PM to 6-15 PM**

| તારીખ/વાર | કૃષિ જૂથ - A | વાણિજ્ય જૂથ - C | ગૃહવિજ્ઞાન જૂથ - H | તાંત્રિક જૂથ - T |
|---|---|---|---|---|
| 16-03-2024 શનિવાર | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) | ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રિન્યરશીપ) (156) |
| 18-03-2024 સોમવાર | પાક - 1 (165)<br>પશુ સંબંધિત કૃત્રિમ બીજદાન દુગ્ધસ્ત્રાવ (171) | એકાઉન્ટન્સી એન્ડ ઓડિટિંગ પેપર-1 (203) | એડવાન્સ હાઉસકિપિંગ (217)<br>ફૂડ પ્રોસેસિંગ (223)<br>પેટર્ન મેકિંગ (235) | સિસ્ટમ એનાલિસીસ એન્ડ ડિઝાઇન (325) |
| 19-03-2024 મંગળવાર | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) |
| 20-03-2024 બુધવાર | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) |
| 21-03-2024 ગુરુવાર | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| 22-03-2024 શુક્રવાર | જીવવિજ્ઞાન અને કૃષિ રસાયણ શાસ્ત્ર (158) | અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન (178) | સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર (216) | પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (254) |
| 23-03-2024 શનિવાર | પાક-2 (167)<br>દૂધ-દૂધની બનાવટો (173) | એકાઉન્ટન્સી એન્ડ ઓડિટિંગ પેપર-2 (205) | ઈન્ટીરીયર ડેકોરેશન પ્લાન્ટ મેનેજમેન્ટ (219)<br>એન્ડ ફૂડ પેકેજિંગ (225)<br>અદ્યતન કપડાં રચના (237) | કમ્પ્યૂટર એપ્લિકેશન (327) |
| 26-03-2024 મંગળવાર | ક્ષેત્ર વ્યવસ્થા અને વિસ્તરણ(169)<br>ડેરી વિસ્તરણ અને આર્થિક નામાપદ્ધતિ (175) | એકાઉન્ટન્સી એન્ડ ઓડિટિંગ પેપર-3 (207) | સોશિયલ સ્કીલ્સ રિપોર્ટેબલ મેટર્સ (221)<br>બેકરી એન્ડ કન્ફેક્શનરી (227)<br>કલાત્મક પોષાક સંરચના (239) | પ્રોગ્રામિંગ લેંગ્વેજ (329) |

**<u>ખાસ સૂચના</u> :**

* એચ.એસ.સી. ઉમેદવારો માટે :- દરેક પ્રશ્નપત્રમાં 15 મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. જે દરમિયાન ઉમેદવારે ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટે શરૂઆતની 05 મિનિટ અને 10 મિનિટ પ્રશ્નપત્ર વાંચવા માટે ફાળવવામાં આવશે અને ઉત્તરો લખવા માટે નિયમોનુસાર સમય 1 કલાક / 2 કલાક / 3 કલાક આપવામાં આવશે.

"પૈસા હંમેશાં નામ અને કામની પાછળ રહે છે. ઓળખ બનાવવા માટે ઘણાં સમાધાન કરવા પડે છે. કંઈક મેળવવું હશે તો કંઈક ખોવું પડશે. આ જિંદગીનો નિયમ છે." **– લતા મંગેશકર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-12 (HSCE)
### વિજ્ઞાન પ્રવાહના નિયમિત/રીપીટર/પૃથક્ ઉમેદવારો માટે માર્ચ-2024ની પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય | વિષય | | | |
|---|---|---|---|---|---|
| 11-03-2024 સોમવાર | 3.00 થી 6.30 | ભૌતિકવિજ્ઞાન | (054) | | |
| 13-03-2024 બુધવાર | 3.00 થી 6.30 | રસાયણવિજ્ઞાન | (052) | | |
| 15-03-2024 શુક્રવાર | 3.00 થી 6.30 | જીવવિજ્ઞાન | (056) | | |
| 18-03-2024 સોમવાર | 3.00 થી 6.30 | ગણિત | (050) | | |
| 20-03-2024 બુધવાર | 3.00 થી 6.30 | અંગ્રેજી (પ્રથમ ભાષા)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) | (006)<br>(013) | | |
| 22-03-2024 શુક્રવાર | 3.00 થી 6.30 | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>હિન્દી (પ્રથમ ભાષા)<br>મરાઠી (પ્રથમ ભાષા)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા)<br>સિંધી (પ્રથમ ભાષા)<br>તામિલ (પ્રથમ ભાષા) | (001)<br>(002)<br>(003)<br>(004)<br>(005)<br>(007) | ગુજરાતી (દ્વિતીય ભાષા)<br>હિન્દી (દ્વિતીય ભાષા)<br>સંસ્કૃત<br>ફારસી<br>અરબી<br>પ્રાકૃત | (008)<br>(009)<br>(129)<br>(130)<br>(131)<br>(132) |
| | 3.00 થી 5.15 | | | કમ્પ્યૂટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) | (331) |

1. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે.
2. કમ્પ્યૂટર એજ્યુકેશન સૈદ્ધાંતિકની પરીક્ષા ફક્ત OMR ઉત્તરપત્રિકાથી લેવામાં આવશે.
3. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો PART-A કે જેમાં બહુવિકલ્પ પ્રકારના (OMR પદ્ધતિથી) 50 પ્રશ્નો હશે અને તેમાં કુલ ગુણ 50 તથા તેનો સમયગાળો 60 મિનિટનો રહેશે.
4. બીજા ભાગમાં પ્રશ્નપત્રનો PART-B રહેશે. જેમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નપત્રમાં 3-00 થી 3-15નો સમય OMR પત્રની વિગતો ભરવા તથા પ્રશ્નપત્રનો PART-A તથા PART-Bના વાંચન માટે આપવામાં આવશે. જ્યારે 3-15 થી 4-15 OMRમાં PART-Aના જવાબો લખવા માટે આપવામાં આવશે.
5. 4-15 થી 4-30 દરમિયાન PART-Aની OMR એકત્રિત કરવા તથા PART-B માટે ઉત્તરવહી તથા બારકોડ સ્ટીકરનું વિતરણ કરવાનું રહેશે.
6. 4-30 થી 6-30નો સમય PART-B ઉત્તરવહીમાં જવાબો લખવા માટે આપવામાં આવશે. 6-30 કલાકે પરીક્ષા પૂર્ણ થશે.
7. OMR ઉત્તરપત્રિકામાં યોગ્ય ખરા વર્તુળને પૂર્ણ કરવા ફક્ત કાળી/ભૂરી બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.
8. વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની રસાયણવિજ્ઞાન (053), ભૌતિકવિજ્ઞાન (055) અને જીવવિજ્ઞાન (057) વિષયોની પ્રાયોગિક પરીક્ષા બોર્ડ દ્વારા ફેબ્રુઆરી 2024માં લેવામાં આવશે.
9. કમ્પ્યૂટર એજ્યુકેશન (પ્રાયોગિક) (332) વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળા દ્વારા લેવાની રહેશે અને જેના ગુણ શાળાએ બોર્ડને તા. 7-3-2024 સુધીમાં ON LINE મોકલવાના રહેશે.
10. પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાના છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલા વિષયોના કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર અને સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.
11. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના 30 મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરીક્ષા શરૂ થવાના 20 મિનિટ અગાઉ હાજર રહેવું.
12. પ્રશ્નપત્રને લગતું કોઈ પણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન, ડિજિટલ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષાખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદું કેલ્ક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈ પણ સાહિત્ય મળશે તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષાખંડમાં પ્રવેશિકા સિવાય કોઈ પણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે તેને પૂરતાં પુરાવા માનવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

**(એમ. કે. રાવલ)**
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

"જો આપણે પાણીને બચાવીશું તો પાણી આપણને બચાવશે, માટે પાણી અને પ્રાણી બંનેને બચાવો."
— 'અજ્ઞાત'

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## સંસ્કૃત પ્રથમા પરીક્ષાનો કાર્યક્રમ

## (માર્ચ-2024)

| તારીખ | વિષય | વિષય કોડ | સમય |
|---|---|---|---|
| 11-03-2024 સોમવાર | સાહિત્યમ્ | 502 | 10-00 AM to 01:15 PM |
| 13-03-2024 બુધવાર | ગણિત | 504 | 10-00 AM to 01:15 PM |
| 15-03-2024 શુક્રવાર | સામાજિક વિજ્ઞાન | 503 | 10-00 AM to 01:15 PM |
| 18-03-2024 સોમવાર | વિજ્ઞાનમ્ | 505 | 10-00 AM to 01:15 PM |
| 20-03-2024 બુધવાર | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | 506 | 10-00 AM to 01:15 PM |
| 21-03-2024 ગુરુવાર | વ્યાકરણમ્ | 501 | 10-00 AM to 01:15 PM |
| 22-03-2024 શુક્રવાર | પૌરોહિત્યમ્ (થિયરી)* | 507 | 10-00 AM to 12:15 PM |
| | કમ્પ્યૂટર (થિયરી)* | 508 | |
| | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (થિયરી)* | 509 | |

**(બી. એ. ચૌધરી)**
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

"મારું ધારેલું જ થાય તો તે પ્રભુકૃપા અને મારું ધારેલું ન થાય તો પ્રભુ ઈચ્છા, એવું માનવાની મને સદ્‌બુદ્ધિ આપતો રહેજે એવી સભાનતા સાથે સૌને નૂતન વર્ષાભિનંદન." – **'અજ્ઞાત'**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## સંસ્કૃત મધ્યમા (ધોરણ-12)ની પરીક્ષાનો કાર્યક્રમ (માર્ચ-2024)

**સમય : 3-00 PM TO 6-15 PM**

| તારીખ | પ્રશ્નપત્ર | પ્રશ્નપત્રનું નામ | પ્રશ્નપત્ર કોડ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 18-03-2024 સોમવાર | પ્રશ્નપત્ર - 1 | અનિવાર્ય વ્યાકરણમ્ | 701 | 100 |
| 19-03-2024 મંગળવાર | પ્રશ્નપત્ર - 2 | અનિવાર્ય કાવ્યમ્ | 702 | 100 |
| 20-03-2024 બુધવાર | પ્રશ્નપત્ર - 3 | સમાજશાસ્ત્રમ્ | 703 | 100 |
| 21-03-2024 ગુરુવાર | પ્રશ્નપત્ર - 4 | અંગ્રેજી (નિમ્નસ્તર) | 704 | 100 |
| 22-03-2024 શુક્રવાર | પ્રશ્નપત્ર - 5 | મુખ્ય વિષય - 1 સાહિત્યમ્ | 705 | 100 |
| | | મુખ્ય વિષય - 1 વ્યાકરણમ્ | 707 | 100 |
| | | મુખ્ય વિષય - 1 વેદ | 709 | 100 |
| | | મુખ્ય વિષય - 1 આયુર્વેદ | 711 | 100 |
| | | મુખ્ય વિષય - 1 દર્શનશાસ્ત્રમ્ | 713 | 100 |
| | | મુખ્ય વિષય - 1 જ્યોતિષશાસ્ત્રમ્ | 715 | 100 |
| 23-03-2024 શનિવાર | પ્રશ્નપત્ર - 6 | મુખ્ય વિષય - 2 સાહિત્યમ્ | 706 | 100 |
| | | મુખ્ય વિષય - 2 વ્યાકરણમ્ | 708 | 100 |
| | | મુખ્ય વિષય - 2 વેદ | 710 | 100 |
| | | મુખ્ય વિષય - 2 આયુર્વેદ | 712 | 100 |
| | | મુખ્ય વિષય - 2 દર્શનશાસ્ત્રમ્ | 714 | 100 |
| | | મુખ્ય વિષય - 2 જ્યોતિષશાસ્ત્રમ્ | 716 | 100 |
| 26-03-2024 મંગળવાર | પ્રશ્નપત્ર - 7 | પૌરાહિત્યમ્ થિયરી - 1 | 717 | 100 |
| | | પૌરાહિત્યમ્ પ્રાયોગિક | 718 | 50 |
| | | **અથવા** | | |
| | | કમ્પ્યૂટર થિયરી | 719 | 100 |
| | | કમ્પ્યૂટર પ્રાયોગિક | 720 | 50 |

**સૂચનાઓ :**

1. પ્રશ્નપત્ર - 1 થી 7માં ઉત્તરોની ભાષા સંસ્કૃત રહેશે અને પ્રશ્નપત્ર - 7 કમ્પ્યૂટર થિયરીના ઉત્તરોની ભાષા ગુજરાતી રહેશે. આ પરીક્ષા માટે O.M.R.નો ઉપયોગ કરવાનો નથી. પરંતુ વર્ણનાત્મક જવાબ આપવા માટેની ઉત્તરવહીનો ઉપયોગ કરવાનો રહેશે. આ પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું રહેશે. ઉત્તરવહીમાં સાચો ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખવાનો રહેશે.
2. પ્રશ્નપત્ર - 7 પૌરાહિત્યમ્ પ્રાયોગિક (718) અને પ્રશ્નપત્ર - 7 કમ્પ્યૂટર પ્રાયોગિક (720) વિષયની પ્રાયોગિક પરીક્ષા શાળાઓ દ્વારા લેવાની રહેશે અને તેના ગુણ શાળાઓએ ON LINE તા. 07-03-2024 સુધીમાં બોર્ડને મોકલી આપવાના રહેશે.

**(એમ. કે. રાવલ)**
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સંકટ સમયે સાંકળ થઈને, હું દીન-દુઃખિયાનો હાથ ગ્રહું; કુશળક્ષેમ હું વાંછું સૌનું,
નૂતન વર્ષનું નજરાણું. લક્ષ્ય જીવનનું થજો સફળ તમ, મુબારક સૌને આ ટાણું. **– કવિ - 'રાધાપ્રેમરશ્મિ'**

# નૂતન વર્ષાભિનંદન

હે પ્રભુ ! આજે તેં મને ખૂબ સુખસામગ્રી આપી છે;
પરંતુ કાલે તું એ બધું લઈ લે, એમ પણ બને !
આજે તેં મને ભરપૂર શક્તિ અને તંદુરસ્તી આપ્યાં છે.

પણ કાલે મારો દેહ દુર્બળ અને રોગગ્રસ્ત થઈ જાય,
એમ પણ બને !

આજે તેં મને મીઠાં સંબંધો આપ્યા છે;
પણ કાલે મારાં પ્રિયજનો મને છોડી જાય;
એમ પણ બને !

આજે તેં મને પદપ્રતિષ્ઠા ને સંપત્તિ આપ્યાં છે;
પણ કાલે હું સાવ રંક ને અસલામત બનીને;
જીવનના ઝંઝાવાતમાં ક્યાંય ફેંકાઈ જાઉં;
એમ પણ બને !

તેથી હે પરમાત્મા !
નૂતન વર્ષના આ મંગલ પર્વે હું પ્રાર્થના કરું છું કે –
“હું મારા સુખમાં મત્ત બનીને કોઈની અવજ્ઞા ન કરું.
સ્વજનોના સ્નેહને સ્વતઃ સિદ્ધ અધિકાર માની લઉં.
અનુકૂળતાના જોર પર મારી જાતને અજેય ગણી
મને કોઈ દિવસ કાંઈ થવાનું નથી એવા ખોટા ભ્રમમાં ન રાચું.

અને આ બધું આપવા પાછળ અને તે લઈ લેવા પાછળ
પણ તારો કોઈ ચોક્કસ હેતુ જ છે
અને બંને સ્થિતિમાં તારી કૃપા જ કામ કરે છે.

એમ હૃદયપૂર્વક માનીને, સ્થિતપ્રજ્ઞ જીવન જીવું
એવું બળ, સ્થિરતા અને ગતિ તું મને આપજે !”

(‘પરમ સમીપે’ પુસ્તકમાંથી) – કુન્દનિકા કાપડિયા

RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi. Dated 06-11-2012
SSPOs Gandhinagar No. L1/RNP/RENEWAL/G-GNR 297/2021 Dt. 14-09-2021/17-11-2021. Valid Up to 31-12-2024
Licence to Post without Pre-Payment No. PMG/NG/096/2022-2024, Valid up to 31-12-2024
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) Licence valid up to 31-12-2024.



## પ્રેરક પ્રસંગો

### (1) લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ખેલદિલી...

મુંબઈમાં સરદાર વ. પટેલનો વિરોધ કરી ચૂંટણીમાં તેમના વિરુદ્ધમાં પ્રચાર કરનારા પારસી સદ્‌ગૃહસ્થ નરીમાન કામા પાછળથી ખૂબ પસ્તાયા હતા. આઝાદી બાદ સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન બન્યા ત્યારે લગભગ દસ વર્ષ પછી શ્રી નરીમાન કામા સરદાર પટેલની ક્ષમાયાચના માટે સામે ચાલીને તેમને મળવા દિલ્હી ગયા. ઉદારદિલ સરદાર પટેલે તેમને પોતાના નિવાસસ્થાને મુલાકાત આપી. ખૂબ પ્રેમથી આવકાર્યા. સંજોગોવસાત્ બીજે દિવસે નરીમાન કામાનું, દિલ્હીની જે હૉટલમાં તેઓ ઊતર્યા હતા ત્યાં જ હૃદય બંધ પડી જવાથી અવસાન થયું. આ સમાચાર મળતાં જ સરદાર વલ્લભભાઈ તાબડતોબ હૉટલ પર પહોંચી ગયા અને સ્વ. નરીમાન કામાના મૃતદેહને વિમાન દ્વારા મુંબઈ પહોંચાડવાની બધી વ્યવસ્થા પણ સરદાર વલ્લભભાઈ પટેલે પોતે જ કરી. થોડા દિવસ પછી ઇન્ડિયન ઍરલાઈન્સ દ્વારા આ હવાઈ સફરનું રૂ. 800/-નું બિલ ભારત સરકારના ગૃહખાતાના નામનું આવ્યું. સરદારશ્રીના અંગત મંત્રી શ્રી મૂળશંકરભાઈએ સરદાર પટેલ સમક્ષ તે બિલ રજૂ કર્યું. સરદાર પટેલે એક ક્ષણમાં નિર્ણય લઈને કહી દીધું કે, ‘‘આ વિમાની સેવાનું ખર્ચ સરકારી ચોપડે ન પડી શકે ! તમે મારે ઘેર કોઈને મોકલો અને મણિબહેન પાસેથી પૈસા મંગાવીને ભરી દો ! કેવી ઝિંદાદિલી અને કેવી ખેલદિલી !’’

### (2) સરદાર વલ્લભભાઈ પટેલનો દેશપ્રેમ...

એક વખત એક પોસ્ટમાસ્તર કોઈ કામે દિલ્હી ગયા. તેઓ બારડોલી સત્યાગ્રહ સંગ્રામ વખતથી સરદાર પટેલને સારી રીતે ઓળખતા હતા. તેઓ ત્યાં સરદાર પટેલને મળ્યા. સરદાર પટેલે તેમને સાંજે ઘેર જમવા માટેનું આમંત્રણ આપ્યું. જમવા બેઠા પછી વાતચીત દરમિયાન સરદાર પટેલે તેમને પૂછ્યું કે, ‘‘તમારે ત્યાં કેમ ચાલે છે ? કોઈ તકલીફ નથી ને ?’’ પોસ્ટમાસ્તર કચ્છ વિસ્તારના હતા અને ત્યાં સરહદ પર કેટલાંક જોખમો ઊભા થતાં હતાં. પોસ્ટમાસ્તર સાહેબે સરદાર પટેલને કહ્યું કે અમારે ત્યાં હાલ સામેની સરહદમાંથી કોઈ દુશ્મનો ઘૂસી આવે તો કોઈ સલામતી ન રહે.

આટલી વાતચીત થયા પછી સરદાર પટેલ વિચારમાં પડી ગયા. પોસ્ટમાસ્તર તો દિલ્હી છોડી પોતાના ગામે ગયાં. પરંતુ જ્યારે તેઓ પોતાને ગામે પહોંચ્યા ત્યારે ખબર પડી કે સરહદની જાળવણી માટે કોઈ મોટી તૈયારી થઈ ગઈ હતી અને ત્યાં લશ્કરના સૈનિકો ગોઠવાઈ ગયા હતા. સરદાર પટેલની નાયબ વડાપ્રધાન પદે પણ ભારે જાગૃતિ હતી. દેશપ્રેમભરી વ્યવસ્થા હતી.

**(‘મૂલ્યોની માવજત’ – પુસ્તિકામાંથી સાભાર)**

Printed by Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published by N. G. Vyas, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat), Editor Shri N. G. Vyas, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

Total Pages :
**32 + 04 = 36 Pages**

Price :
Per Copy Rs. 40/-

Annual Subscription :
For School - Rs. 400/-
For Individual - Rs. 200/-